Since 1925...


જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૩૩ · તા. ૦૯ થી ૧૫ ઑગસ્ટ ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14





## શ્રી ક.દ.ઓ. મહાજન - અમદાવાદ દ્વારા
## અષાઢી બીજ - કચ્છી નવ વર્ષ
## નિમિત્તે ગૌતમ સ્વામી પુજન














# ચિંતામણી પાર્શ્વનાથદાદાની અસીમ કૃપા, ગુરૂજનોની નિશ્રા અને આશીર્વાદ, ધર્મપ્રેમી અને દાતાઓનો સહકાર, ગદગ નિવાસીઓની મહેનત, શતાબ્દી મહોત્સવની ઉજવણી, "ચિંતામણી પાર્શ્વધામ" ગદગ તીર્થની ઘોષણા



























ધન્યવાદ આભાર

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 33/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

### જ્ઞાતિ આગેવાનો સામે આર્થિક કે મિલકત વિષયક ફોજદારી કાર્યવાહી

# થોડી સમજદારીથી આવી સ્થિતિ ટળી શકી હોત

છેલ્લા બે અઠવાડિયાથી જ્ઞાતિજનો એકબીજાને ફોન / એસ. એમ. એસ. કરીને એક એફ. આઈ. આર (ફર્સ્ટ ઈન્ફરમેશન રીપોર્ટ - પ્રથમ માહિતિ અહેવાલ) અંગે લેટેસ્ટ પરિસ્થિતી શું છે એ જાણવાનો પ્રયત્નકરી રહ્યા છે.

એ એફ. આઈ. આર. નોંધાવનાર મુલુંડના ટ્રેડ યુનિયનિસ્ટે પોતે કચ્છી - ગુજરાતી જૈન સમાજના જે લોકોને જાણાતો હોય, તેમને એ સંબંધમાં એસ. એમ. એસ. કર્યા તેના થોડા કલાકોમાં તો જ્યાં જ્યાં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની વસતિ હોય ત્યાં આ એસ. એમ. એસ. પહોંચી ગયા. નોંધનીય વાત તો એ છે કે એ એસ. એમ. એસમાં ભારતીય ફોજદારી ધારાની કઈ કલમ હેઠળ એફ. આઈ. આર. નોંધવામાં આવી છે, તેની જે વિગત હતી તેને કેટલી છેતરપીંડી થઈ છે તેની રકમ માનીને કેટલાકે અમુક કરોડોનો આંકડો પણ વહેતો કરી દીધો.

કોઈ પણ જ્ઞાતિજન વિરુધ્ધ છેતરપીંડી સંબંધે ફરિયાદ થાય એ જરૂર ચર્ચાનો વિષય બને પણ જ્યારે જ્ઞાતિ આગેવાન સામે તે થાય ત્યારે એ અફવાનો વિષય બની શકે છે અને તેમજ થયું. જ્ઞાતિજનો માત્ર એફ આઈ. આર થઈ છે કે ધરપકડ પણ થઈ છે ત્યાંથી માંડીને અત્યારે તે આગેવાન પોલિસ રીમાન્ડ હેઠળ છે, મુંબઈમાં છે કે દુબઈમાં તેની અફવા જેવી વાતો કરવા લાગ્યા.

આ બાબત સાથે સંકળાયેલા સમાજજીવનને લગતા મુદા બાજુ પર રહ્યા અને સૌ જાણે કુથલી પરનિંદાનો રસ લઈ રહ્યા હોય તેમ રસપૂર્વક આવી વાતો કરતા રહ્યા.

હકીકતમાં કોઈ પણ સમુદાયના કોઈ પણ આગેવાન સામે થયેલી પ્રાથમિક ધોરણે ગુનો આચરાયો હોવા અંગેની ફરિયાદની નોંધ એટલે કે એફ. આઈ. આર. પોલીસ થાણાના ચોપડામાં નોંધાય છે અને ત્યારબાદ સંબંધિત મેજીસ્ટ્રેટ સમક્ષ તે ફરિયાદ - કેસની સુનાવણી થયા છે.

અને સંબંધિત સમાજ - સમુદાય તે અંગે સંવેદનશીલતા ન દાખવે - આવી ઘટના રોકવાની તકેદારી અંગે જાગૃતિ ન કેળવે તો સમાજજીવન પર વિવાદાસ્પદ લોકોની હકુમત સ્થાપાવની શક્યતા વધે છે. મુંબઈમાં બે એક વર્ષ પહેલાં લોહાણા સમાજનો અનુભવ ધ્યાનમાં લઈએ તો એ સમાજના લાકો એવું વિધાન કરતા હતા કે મહાજનમાં તો બધા લખ્ખણે પૂરા વગદાર લોકોએ કબજો જમાવ્યો છે, ત્યાં સીદા - સાદા માણસનું કામ નહીં!

આપણી જ્ઞાતિના ઉક્ત આગેવાન સામે તાજેતરમાં નોંધાયેલી એફ. આઈ. આર. ની વાત કરીએ તો આર્થિક અને મિલકત બાબતે બોલીને ન પાળવા જેને કાયદાની ભાષામાં ફોજદારી ધારાની ૪૨૦મી કલમ લાગુ પડે તેવી કથિત છેતરપીંડીના ગુનાસર કાર્યવાહી થઈ છે. અલબત્ત આવી વચનવિમુખતાની ઘટના થોડા સમય પેહલાં જ્ઞાતિજનોની સાનમાં બહુ

મોડેથી સમજાઈ. હકીકતમાં તો, ચુંટણીની પ્રચાર સામગ્રીમાં જેને હુકમનો એકો કહેવાય એવી આ મસમોટા વચનોની લહાણીનો ચુંટણી વખતે ભરપૂર ઉપયોગ કરાયો અને જ્ઞાતિજનોમાં એક વિવાદાસ્પદ વ્યક્તિની મોટા દાનેશ્વરી જેવી છાપ કે પ્રભાવ પાડવામાં આવ્યા. અને મુખ્યતઃ એના આધારે ચુંટણીમાં જ્વલંત સફળતા મેળવી શકાઈ તેમ બહુ વિવાદ વિના કહી શકાય.

એ વખતે જ્ઞાતિના આગેવાનોએ તેમને પેનલના લીડર બનાવ્યા અને અમર્યાદ સત્તા સોંપી. જે હોય તે. માની લઈએ કે તેમને લીડર બનાવનારાઓએ વિચાર્યું હશે કે જ્ઞાતિના ઉત્કર્ષના માર્ગમાં ઘણાય કાંટા છે અને એ કાંટા કાંટાથી જ નીકળી શકે એટલે તેમણે તેમને જીતનાર પેનલના સુત્રધાર બનાવ્યા એટલે એ વાતને વધુ ગંભીરતાથીન લઈએ.

પણ અત્યારની જ વાત કરીએ. એફ. આઈ. આર. નોંધાવનાર દેશના એક મુખ્ય રાજકીય પક્ષ સાથે સંકળાયેલ છે. અને સંભવતઃ તે પાર્ટી માટે ભંડોળ એકઠું કરવાનું કામ કરે છે. એટલે તેણે પાર્ટી માટે ભંડોળ મેળવવા એક પ્રકારનું દબાણ ઉપજાવવાની તરકીબ રૂપે પણ એફ. આઈ. આર. નોંધાવી હોય એ શક્ય છે.

હવે સવાલ એ થાય કે તે આગોવાન એફ. આઈ. આર. નોંધાવાથી વિવાદાસ્પદ બન્યા તે પહેલાં જ એવી સ્થિતિને ટાળી શક્યા હોત. તેઓ અંગત કારણ દર્શાવી પદથી રાજીનામું આપી શક્યા હોત કે નહીં? ચોક્કસ ટાળી શક્યા હોત. તેઓ અંગત કારણઆપી પદથી સજીનામું આપી શક્યા હોત. તેમના વગદાર ટેકેદારો પણ તેને માટે સમજાવી શક્યા હોત.

ખેર, શક્યતા હતી તે વખતની વાત જવા દઈએ તો પણ એફ. આઈ. આર નોંધાઈ તે પછી તો તેઓ એમ કરીજ શક્યા હોત. અને જાહેરજીવનની વ્યાજબી પરંપરા જાળવવા તેમણે તેમ કરવું જોઈતું હતું.

આ પરિસ્થિતિ એવી રીતે સચવાવી જોઈએ કે જ્ઞાતિમાંથી કોઈએ વિપક્ષની ભૂમિકા ભજ્વીને એ વાતને ચગાવવી જ ન પડે કેમકે જ્ઞાતિની મોભી સંસ્થાના આગેવાન સામે આર્થિક અને મિલકત સંબંધી છેતરપીંડી જેવા ગંભીર ગુનાસર ફોજદારી કાર્યવાહી થવાનો અને તે અંગે ઉહાપોહ થવાનો મતલબ છે કે વત્તે ઓછે અંશે તેમને ચુંટનારી અને પદપર ચાલુ રહેવા દેનારી નાત પણ અન્ય સમુદાયની નજરોમાં નીચી પડવાની જછે.

પોતે અન્ય સમુદાયની નજરોમાં નીચી પડવાનું જોખમ ઉઠાવીને પણ નાત જો આ બાબત આંખ આડા કાન કરે તોય મેજીસ્ટ્રેટ સમક્ષ જે કાર્યવાહી થવાની છે તેનાથી નાત પોતે પોતાની નજરમાંથી નીચી પડી જાય તેટલી સંવેદનશીળતા જ્ઞાતિમાં છે કે નહીં તે તો આવનાર સમય જ કહેશે. પણ આવા ગંભીર મુદ્દાને લીધે થતી ફોજદારી કાર્યવાહીને કારણે જ્ઞાતિની પ્રતિમાને પહોંચતા નુકસાનોના સંબંધમાં જેટલું લખીએ તેટલું ઓછું છે. પણ મુદ્દાની વાત એ છે કે એ આગેવાન જે કરે તે પણ સમુદાય પોતે તેને ચટપટી વાતચીત કે અફવાનો વિષય ન માની લે એ બાબત ગંભીરતાથી વિચારી ભવિષ્યમાં આવી સ્થતિ ન સર્જાય તેવો પ્રબંધ કરે.

આવું કરવા માટે જ્ઞાતિના આગેવાનો કરતાં પણ જ્ઞાતિજનોએ જ આવી પરિસ્થિતિમાં સંયમ જાળવી એસ. એમ. એસ. કે અન્ય માધ્યમથી તેવી કુથલી - નિંદાનો વ્યાપક પ્રચાર - પ્રસાર કરવાથી દુર રહેવું જોઈએ. આવી આચાર - સંહિતા સૌ જ્ઞાતિજનોનો સ્વભાવ બની રહે તેવું ઈચ્છીએ.

**- ચંદ્રસેન મોમાયા**

## અરિહંત બેંકની વધુ એક સિધ્ધિ

જ્ઞાતિજનોના પ્રયત્નોથી સ્થપાયેલી અને મુખ્યત્વે તેમના દ્વારા સંચાલિત શ્રી અરિહંત કો. ઓપ બેંકને નાણાકીય વર્ષ ૨૦૧૨ - ૧૩ માટે ૩૦૦ કરોડ ડિપોઝીટ જથમાં દ્વિતીય ક્રમે શ્રેષ્ઠ બેંક તરીકેનો એવોર્ડ બૃહદ મુંબઈ નાગરી સહકારી બેંક એસોસીએશન દ્વારા અપાયો છે. - અભિનંદન

## ઓશોની દ્રષ્ટિએ નવકાર મંત્ર (ભાગ-૧) મંત્ર આભામંડળને બદલવાની મૂળભૂત પ્રક્રિયા છે

મંત્ર આભામંડળને બદલવાની મૂળભૂત પ્રક્રિયા છે. તમારી આસપાસનાં વિદ્યુતક્ષેત્રને બદલવા માટે મંત્રનો ઉપયોગ છે. દરેક ધર્મ પાસે પોતાનો આગવો મંત્ર છે. જૈન પરંપરા પાસે આવો નમોકાર મંત્ર છે આશ્ચર્યકારક ઉદ્‌ઘોષણા છે.'એસો પંચ નમુક્કરો, સવ્વપાવપ્પણાસણો,' આ કાંઇ સાચું હોય એવું લાગતું નથી. નમોકારથી પાપ નાશ કેવી રીતે થઇ જાય?

નમોકારથી સીધાં પાપ નાશ થઇ જાય છે એવું નથી. પરંતુ નમોકારથી તમારી આસપાસનું વિદ્યુતક્ષેત્ર બદલાય છે, રૂપાંતરિત થાય છે, જેને કારણે પાપ કરવાનું અસંભવ બની જાય છે. કારણકે પાપ કરવા માટે તમારી પાસે એક ખાસ પ્રકારનું આભામંડળ જોઇએ.

આ મંત્રને આપણે સીધે સીધો સાંભળીએ, તો એમ થાય કે આવો મંત્ર, પાપોનો નાશ કેવી રીતે કરી શકે? કોઇ એક ચોર નમોકાર મંત્રનું રટણ કરે તો શું થાય? કોઈ હત્યા કરનાર આ મંત્રનું રટણ કરે તો તેથી શું થાય? કેવી રીતે પાપનો નાશ થાય? તમે પાપ કરી શકો છો તે પહેલાં, તમારામાં એક વિશેષ પ્રકારનું આભામંડળ નિર્મિત થાય છે. અને એટલે જ તમે પાપ કરી શકો છો, એવું આભામંડળ તમારામાં હયાત ન હોય તો તમે પાપ ન કરી શકો માટે તમારા આભામંડળને જ અગાઉથી રૂપાંતરિત કરી દેવાયું હોય, નમોકારના મંત્ર જાપથી તો તમારા માટે પાપ કરવાનું અશક્ય થઇ જશે.

તો આ નમોકારમંત્ર આભાર મંડળને કેવી રીતે બદલતું હશે? આ મંત્ર નમસ્કાર, નમનનો ભાવ જગાડે છે. નમનનો અર્થ છે સમર્પણ. એ માત્ર શાબ્દિક નહીં, પણ તમારા પ્રાણનો સઘન થયેલો ભાવ છે, અરિહંતોને નમસ્કાર કરું છેં એનો એવો અર્થ છે કે જેઓએ જાણ્યું છે, તેમનાં ચરણોમાં, મારું મસ્તક મૂકું છું; જેઓ શિખર પર પહોંચી ગયા છે તેમનાં ચરણોમાં હું સમર્પિત થઇ જાઉ છું; જેઓને પ્રાપ્ત થઈ ગયું છે., તેમના દરવાજા પર યાચક બનીને ઊભો રહેવા હું તૈયાર છું.

કિરિલિયાન ફોટોગ્રાફીએ ભૌતિક રીતે એ બતાવવાની કોશિશ કરી છે કે જયારે તમારી અંદર ભાવ બદલતા હોય છે ત્યારે તમારી આસપાસનું આભામંડળ પણ બદલાતું હોય છે. હવે તો એનો ફોટોગ્રાફ તમારી સામે હાજરાહજૂર છે. જયારે તમે ચોરી કરવાનો વિચાર કરતા હો છો ત્યારે તમારું આભામંડળ જૂદા જ પ્રકારનું ઉદાસ, રોગી, ખૂની રંગોથી ભરેલું બની જાય છે. જ્યારે તમે કોઇ પડી ગયેલા માણસને ઉઠાડવાની કોશિશ કરો છો ત્યારે તમારા આભામંડળના રંગ તરત જ બદલાઇ જાય છે.

નમો અરિહંતાણં મંત્ર, ભાવપૂર્વક કોઇ વ્યક્તિ જ્યારે ઉચ્ચારે છે ત્યારે એ વ્યક્તિ એવો ભાવ કરે છે કે જે વ્યક્તિઓ એ પોતાના દુશ્મનોને જીત્યા અને જાણ્યા તે વ્યક્તિઓને શરણે, હું મારી જાતને ધરી દઉં છું. આમ બને છે ત્યારે એ મંત્રજાપ કરનાર વ્યક્તિનો અહંકાર ઓગળવા લાગે છે. જે જે લોકોએ આ જગતમાં પોતાની જાતને અરિહંતોના શરણમાં છોડી દીધી છે, તેમની શક્તિ આવી વર્ષોથી નિર્માણ થતી આવતી મહાધારામાં મળી જઇ એનો હિસ્સો બની જાય છે. આકાશનાં અવકાશમાં, ચારે બાજુ આ અરિહંત ભાવના મંત્રના તરંગોથી જે શક્તિ સંગ્રહિત થયેલી છે તેમાં તમારી ભાવઊર્જાના તરંગ પણ સંમિલિત થઈ જાય છે. તમે પણ આ ભાવતરંગોના પ્રભાવથી એક અલગ વ્યક્તિ બની જાવ છો.

આ મંત્ર-મહામંત્ર-સ્વયંની આસપાસના આકાશને અને સ્વયંના આભામંડળને બદલવાનો કીમિયો છે. જો જો દિવસ રાત કોઇ વ્યક્તિ આ નમોકાર મંત્રના સ્મરણમાં ડૂબતો રહે તો એ થોડા સમયમાં જુદી જ વ્યક્તિ બની જશે. એ એ વ્યક્તિ નહીં જે તે હતી. **ક્રમશઃ**


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

રાષ્ટ્રના ૬૮માં સ્વાતંત્ર્ય દિને સૌ પ્રતિજ્ઞા કરીએ કે આપણે સારા નાગરિક થશું અને સ્વાતંત્ર્યે આપેલ હક્કો સાથે ફરજો પણ નિષ્ઠા પુર્વક બજાવશું. જય - હિંદ

- તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા સ્નેહ મિલન

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા ૭૦ સ્નેહ મિલન રવિવાર તા. ૨૯.૬.૨૦૧૪ના જ્ઞાતિ શીરોમણ નરશીનાથા એ.સી. બેંકવેટ હોલ, ભાંડુપ મધ્યે આનંદઅને ઉલ્હાસના વાતાવરણમાં સંપન્ન થયું. પ્રમુખ સ્થાન શ્રી છત્રપતી નરશી દંડ, અતિથી વિશેષ શ્રી જયંત ભવાનજી સોની, શ્રી શામજી નરશી દંડ. એ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી. દિપ પ્રકાશન, નવકાર મંત્ર પઠન, સ્વાગત ગીત. મોંઘેરા મહેમાનોઆધાર સ્થંભોનું બહુમાન, કચ્છ તથા વરાડીયાના ઈતિહાસનો સ્લાઈડ શો તથા ઝાખી, બહેનો અને બાળકો દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમ - દશાઈ સાંસ્કૃતિને ઊજાગાર કરતી મટુકડી વગેરે રમતોને સૌએ મન ભરીને માણ્યા. દાતાઓની દિલેરીથી ટુંક સમયમાં ઝોલી છલકાઈ ગઈ.

**માતબર દાન ભોજનાલય: ૧. માતુશ્રી માંકબાઈ લધાભાઈ મોમાયા,**
**૨. થોભણભાઈ લધાભાઈ મોમાયા, ૩. શાંતિલાલ લધાભાઈ મોમાયા,**
**૪. જયંતીલાલ લધાભાઈ મોમાયા, ૫. અમૃતલાલ લધાભાઈ મોમાયા.**

**માતબર દાન અતિથીગૃહ: શા. નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

**આરાધના ભુવન: માતુશ્રી કુંવરબાઈ ભવાનજી કાનજી સોની**
**હસ્તે માલતીબહેન જયંતીલાલ સોની**

**મુખ્ય પ્રવેશદ્વાર: માતુશ્રી હિરબાઈ મેઘજી દેવશી મોમાયા હસ્તે લતાબહેન મણીકાંત મોમાયા**

**ઉપાશ્રય પ્રવેશદ્વાર: પુજ્ય સાધ્વી વિપુલયશાશ્રીજી મ.સા. માસી મહારાજના સ્મરણાર્થે**
**હસ્તે જયંતીલાલ ભવાનજી સોની**

**જિનાલયના આગળનાભાગમાં તકિત: માતુશ્રી રાજબાઈ કેશવજી વેલજી મોમાયા પરિવાર**

**જિનાલયના આગળના ભાગમાં ડાબી તરફ તકિત:**
**માતુશ્રી સરલાબહેન પ્રતાપભાઈ ડાઘા હસ્તે છાયાબહેન મનીષ ડાઘા**

**ઉપકરણ ભંડાર પ્રવેશદ્વાર:**
**શાંન્તીલાલ કુંવરજી રામૈયા મોમાયા (પટેલ) હસ્તે અમીત શાંન્તીલાલ પટેલ**

**નવી ઓફીસ : રમેશ ભવાનજી કાનજી સોની હસ્તે જયંતીલાલ ભવાનજી સોની**

**ઉપાશ્રય તથા ગોચરી રૂમ: એક સુશ્રાવિકાબહેન હસ્તે ગીતાબહેન વિનોદ ડાઘા**

**જ્ઞાન ભંડાર લાયબ્રેરી : માતુશ્રી લક્ષ્મીબાઈ મણીલાલ ભવાનજી મોમાયા,**

**ઉપકરણ રૂમ : માતુશ્રી સોનબાઈ વિસનજી દામજી મોમાયા પરિવાર,**

**ફુલવાડી પ્રવેશદ્વાર : માતુશ્રી દેવકાંબાઈ ચાંપશી વીરજી ડાઘા પરિવાર,**

**આંગી રૂમ : માતુશ્રી મધુબેન લહેરચંદ રતનશી ડાઘા**

**પાણીની પરબ : માતુશ્રી સોનબાઈ લાલજી વેલજી લોડાયા તથા**
**માતુશ્રી લીલબાઈ વેરશી આશારીઆ દંડ હસ્તે ચિત્રા પદમ લોડાયા,**

**કેશર રૂમ : માતુશ્રી નિર્મલાબેન નારાણજી શામજી મોમાયા પરિવાર હસ્તે**
**પ્રિયેશ પૃથ્વીરાજ મોમાયા.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - વરાડીયા: સ્નેહ મિલન ખર્ચના લાભાર્થી પરિવારો :**

**રૂા. ૧૧૦૦૦ :** શ્રી ભરત હંસરાજ ડાઘા • માતુશ્રી મધુબેન ધનજી મોમાયા,

**રૂા. ૧૦૦૦૦ :** માતુશ્રી નેણબાઈ મણશી દંડ,

**રૂા. ૫૦૦૦ :** • શ્રી વિનોદ કુલીનકાંત ડાઘા • શ્રી પ્રતાપ મુલજી પીર • શ્રી મનીષ પ્રતાપ ડાઘા • શ્રી હરીશ ધનજી ડાઘા • શ્રી મહેશ રામજી ડાઘા • માતુશ્રી લીનાબેન મધુકાંત મોમાયા • શ્રી નિરંજન કેશવજી મોમાયા • શ્રી પૃથ્વીરાજ નારાણજી મોમાયા • માતુશ્રી સુમતીબેન સોમચંદ દંડ • શ્રી દિપક ઉત્તમચંદ ડાઘા • શ્રી રતિલાલ સામજી મોમાયા • શ્રી મણીલાલ દેવશી લોડાયા • શ્રી શરદ હેમરાજ મોમાયા, માતુશ્રી ઝવેરબેન સોજપાર મોતા • માતુશ્રી મધુબેન મહેન્દ્ર ડાઘા • શ્રી વિનોદ વિસનજી મોમાયા • શ્રી અમીત શાંતીલાલ પટેલ • શ્રી લલીત ધનજી મોમાયા • શ્રી વિનય શીવજી મોમાયા • માતુશ્રી સુંદરબાઈ વસનજી મોમાયા • શ્રી ચેતન શાંતીલાલ ડાઘા • શ્રી ભુપેશ ચિમનલાલ મોમાયા • શ્રી હેમંત ગુલાબચંદ મોમાયા • માતુશ્રી હિરબાઈ રતનશી ડાઘા • શ્રી મનોજ ઝવેરચંદ મોમાયા • શ્રી શૈલેશ ચિમનલાલ મોમાયા • શ્રી દિપક ગંગાજર ડાઘા, શ્રી પદમ લાલજી લોડાયા • શ્રી નિતીન પદમશી ડાઘા.

**રૂા. ૩૦૦૦ :** શ્રી મેઘજી ખીમજી મોમાયા,

**રૂા. ૨૫૦૦ :** શ્રી સોમચંદ કાનજી મોમાયા • શ્રી મુલચંદ ટોકરશી મોમાયા.


**રૂા. ૨૦૦૦ :** શ્રી આણંજી ભાણજી ડાઘા • શ્રી રાજેન્દ્ર હેમરાજ મોમાયા.

**રૂા. ૧૦૦૦ :** શ્રી પિયુશ ગુલાબચંદ મોમાયા • શ્રી મણીલાલ પદમશી મોમાયા • શ્રી સોમચંદ કલ્યાણજી દડં • શ્રી દામજી ખીમજી મોમાયા • શ્રી ઉત્તમચંદ ખીમજી મોમાયા • શ્રીમતી જયા હરીશ મોમાયા • શ્રી સુશીલ શીવજી મોમાયા • માતુશ્રી લક્ષ્મીબાઈ નવીનચંદ્ર મોમાયા • માતુશ્રી પુષ્પાબેન હેમરાજ ખોના • શ્રીમતી વાસંતી ઝવેરચંદ મોમાયા • માતુશ્રી કાંતાબેન ખીમજી મોમાયા • માતુશ્રી કસ્તુરબાઈ લખમશી ખોના.

**અષ્ટ પ્રકારી પુજાના લાભાર્થી પરિવારો (દર મહિનાનો નકરો રૂા. ૫૦૦૧/-)**

| | |
|---|---|
| **ઓક્ટોબર ૨૦૧૪ :** | અ. સૌ. ધારીણી દિપક ઉત્તમચંદ ડાઘા,<br>માતુશ્રી મધુબેન મહેન્દ્ર હંસરાજ ડાઘા, |
| **નવેમ્બર ૨૦૧૪:** | શા. ગુલાબચંદ પાસૂબાઈ મોમાયા,<br>અ.સૌ. પદમીની મનોજ ઝવેરચંદ મોમાયા, |
| **ડીસેમ્બર ૨૦૧૪:** | અ.સૌ. વૈશાલી દિપેશ ચીમનલાલ મોમાયા, |
| **જાન્યુઆરી ૨૦૧૫ :** | કુ. પંક્તિ ભુપેશ ચીમનલાલ મોમાયા, |
| **ફેબ્રુઆરી ૨૦૧૫:** | શાં. ચેતન શાન્તિલાલ દેવજી ડાઘા, |
| **એપ્રિલ ૨૦૧૫:** | સ્વ. સૌ. રમીલા ઉત્તમચંદ દેવજી ડાઘા, |
| **મે ૨૦૧૫:** | સૌ. આશા દિપક ગંગાજર ડાઘા, |
| **જુન ૨૦૧૫:** | માતુશ્રી લિનાબેન મધુકાંત ભવાનજી મોમાયા,<br>અ. સૌ. મણીબેન મધૂકાંત પાશ્વીર મોમાયા. |
| **જુલાઈ ૨૦૧૫:** | કુ. સુપ્રિયા ચેતન શાંતીલાલ ડાઘા, |
| **સપ્ટેમ્બર ૨૦૧૫:** | શ્રી વિનોદ વિસનજી મોમાયા. |

**લાભ લેવા નમ્ર વિનંતી**



## અચલગચ્છ પરિચય ભાગ - ૫ ગચ્છના પ્રથમ અધિવેશનના ઠરાવ
### અચલગચ્છ સંઘના પ્રથમ પ્રમુખઃ નારાણજી શામજી મોમાયાના સંઘના બીજા અધિવેશન વખતના પ્રવચન પર આધારિત શ્રેણી

છેલ્લા ચારસો વર્ષથી શત્રુંજય ગિરિરાજ અષાઢ સુદિ ૧૪ના બંધ કરવામાં આવતો હતો. બીજે દિવસે આપણી સમાચારી મુજબ અષાઢ સુદિ ૧૫ હોય તો પણ આપણને ગરમ પાણી કે આંગી - પૂજા વગેરેની સગવડો મળતી ન હતી. આથી અધિવેશનના ઠરાવ મુજબ અને વ્યવસ્થાપક સમિતિના નિર્દેશ મુજબ હું શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના અધ્યક્ષ શ્રી કસ્તુરભાઈ લાલભાઈને મળ્યો અને તેમને પરિસ્થિતી સમજાવી.

ઉત્તરમાં તેમણે કહ્યું કે, 'ચારસો વર્ષથી જે તીર્થ અષાઢ સુદ ૧૪ ના બંધ થઈ જાયછે, તેને તમારી પૂનમના હું ખુલ્લો કેમ મૂકી શકું? તમે મને શાસ્ત્રોના પાઠ આપી તમારો કેસ રજૂ કરશો તો પેઢી જરૂર વિચાર કરશે.'

તે પછી ચાર મહિના સુધી મેં કેટલાંક સુત્રો તપાસી અગિયાર સૂત્રની ગાથાઓ અને અર્થની રજૂઆત કરતો એક પત્ર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પર મોકલી આપ્યો અને શેઠ કસ્તુરભાઈને રૂબરૂ મળીને જણાવ્યું કે 'મેં જે પૂરાવા રજૂ કર્યા છે, તે માટે આપના ગચ્છના કોઈ આચાર્યો શંકા દર્શાવે તો મને ચર્ચા માટે બોલાવજો.'


ગણેક મહિના બાદ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો પત્ર આવ્યો કે અચલગચ્છની તિથિપત્રિકા મુજબ અષાઢ સુદિ ૧૫ હશે ત્યારે તીર્થ પૂજા - આંગી વગેરે માટે તિર્થ ખુલ્લું રહેશે અને ગરમ પાણીની વ્યવસ્થા પણ રહેશે.

તે પછી એ આંગી કાયમ ભરાય તેના માટે અમે નકરાની રકમ બાબત શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને પૂછાવેલ અને તે માટે આપણા ભાઈઓ પાસે ટહેલ નાખતા તે રકમ અમને મળી ગયેલ. પણ એ દરમિયાન પેઢીએ કોઈ પણ સંઘ કે સંસ્થાની કાયમી આંગી નહિ લેવા ઠરાવેલ, એટલે તેમણે આપણી રકમ સ્વીકારવાની ના પાડી

અચલગચ્છની તિથિપત્રિકા મુજબ અષાઢ સુદિ ૧૫ ના તીર્થ ખુલ્લું રહે છે અને આપને કોઈ વ્યક્તિગત આંગી ન ભરવીએ તો પેઢી પોતે આંગી રચાવે છે. આ રીતે આપણી ચારસો વર્ષની અભિલાષા આ રીતે પૂરી થઈ છે.

૩. અધિવેશનમાં એક ઠરાવ આપણા જૂના સાહિત્યનું સંશોધન ઉધ્ધરાણ કરાવી, તેનું પ્રકાશન કરવાને લગતો હતો. તે અનુસાર સારાયે ભારતમાં જ્યાં જ્યાં અચલગચ્છના આચાર્ય ભગવંતોએ પ્રતિષ્ઠા કરાવેલ હોય. તેના બધા પ્રતિષ્ઠા લેખોનું સંકલન કરી પ્રકાશન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.


એ દિશામાં શ્રી અનંતનાથજી મહારાજ દહેરાસરના ટ્રસ્ટીઓએ પહેલ કરી. આ લેખસંગ્રહનું સંપાદનનું કાર્ય આપણા ગચ્છના સુપ્રસિદ્ધ લેખક ભાઈશ્રી પાર્શ્વનેસાંપ્યું. એ રીતે તેનો પ્રથમ ભાગ પ્રકાશિત થયો. ત્યાર પછી બીજા ભાગ માટે પ્રયત્ન કર્યો. તે માટે સામગ્રી એકત્ર થઈ અને તેનું સંપાદન કરી બીજો ભાગ સંઘરત્ન શેઠ શામજી જખુભાઈના વરદ હસ્તે સને ૧૯૮૭માં કચ્છ દેવપુર ખાતે પ્રકાશિત કરવામાં આવ્યો. તે વખતે શ્રી પાર્શ્વનું બહુમાન પણ કરવામાં આવ્યું હતું.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

પરંતુ અફસોસની વાત એટલી જ છે કે, મુદલ ભાવે પુસ્તક આપવા છતાં. અને તે અંગે ખાસ પ્રયત્ન કરવા છતાં તેની ૩૦૦ નકલો જ ખપી છે અને બીજી એમને એમ પડી છે. આપણા સમાજનો જ્ઞાનની ભૂખ ઓછી છે તેનું આ પરિણામ છે.

વળી છપાવેલાં પુસ્તકો ક્યાં રાખવા? એ પણ પ્રશ્ન છે. તેથીત્રીજું પ્રકાશન જે રાસસંગ્રહનું કરવાનું હતું, તે હાલ તુરત મુલત્વી રાખેલ છે. સાહિત્યના પ્રકાશન - પ્રચાર વિના તો આપણે ધારી પ્રગતિ કરી શકીએ નહિ, તેથી આ પ્રશ્ન ગંભીર વિચારણા માગે છે.

૪. અધિવેશનનો એક ઠરાવ - આસન, કાર્યોત્સર્ગ તથા ધ્યાનનો અભ્યાસ વધારવાને લગતો હતો. તેનો અમલ કરવા માટે અમે મુંબઈ - પાલાગલી હાઈસ્કૂલમાં વર્ગો ચલાવવાનો નિર્ણય કાર્યો અનો તો માટે સાંતાક્રુઝ યોગાશ્રમમાંના યોગાચાર્ય શ્રી હંસરાજજીને ખાસ બોલાવ્યા. વર્ગો શરૂ થયા. યોગના ફિલ્મ શો વગેરે રાખવામાં આવ્યા પણ આપણા સમાજને તેમાં રસ પડયો નહિં. તે જ રીતે પ. પૂ. સાધ્વીજી મહારાજો તથા સમાજની બહેનો યોગમાં રસ લે તે માટે શ્રી રતનબોનેને શ્રી સંઘના ખર્ચે યોગાશ્રમમાં ૬ માસ સુધી તાલીમ લેવા મોકલ્યા અને તેઓ તૈયાર થઈ આવ્યા ત્યાર બાદ પૂ. સાધ્વીજી મહારાજ તથા બહેનો માટે વર્ગો ચલાવવા નક્કી ક્ર્યું. પણ તેમાં કોઈએ રસ લીધો નહિં, એટલે એ પ્રવૃત્તિ બંધ કરવી પડી.

૫. અધિવેશનના ઠરાવ મુજબ ગચ્છના સાધુ - સાધ્વીઓને ધાર્મિક તેમ જ સંસ્કૃત - પ્રાકૃત વગેરેનો અભ્યાસ કરાવવા માટે ખાસ પંડિતો રોકવામાં આવ્યા છે. અને તે માટે અત્યારે શ્રી સંઘ મહિને રૂપિયા બે હજારનો ખર્ચ કરે છે.

૬. ધાર્મિક શિક્ષણ માટે પાઠશાળાઓ - જ્ઞાનશાળાઓને મદદ કરવા તથા નવી ખોલવા માટે અધિવેશનના ઠરાવ મુજબ અત્યારે શ્રી સંઘ તરફથી આઠ પાઠશાળાઓને ગ્રાંટ અપાય છે અને તે માટે દર મિહને રૂા. ૩૫૦ નો ખર્ચ કરવામાં આવે છે.

૭. આર્યરક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠ તથા મેરાઉ વિદ્યાપીઠમાં શાસ્ત્રીનો અભ્યાસ કરતા દરેક છાત્રને મહિને રૂા. ૨૫ ની છાત્રવૃત્તિ શ્રી સંઘ તરફથી અપાય છે. તેમાં મહિને રૂા. ૪૨૫ નો ખર્ચ થાય છે.

૮. ધાર્મિક વિધિ - વિધાનો અનુષ્ઠાનો તથા ક્રિયા કાંડો બરાબર થાય તો માટે અધિવેશનના ઠરાવ અનુસાર ભાઈ શ્રી બંકિમચંદ્ર


## શ્રી ખોના ગોત્રનાં શ્રી સચ્ચાઈ માંનું સ્થાનક
## ખોના ફલિયા, નલિયા - કચ્છ

**ખોના, ગોત્રનાં શ્રી સચ્ચાઈમાંને ખોના ફલિયા, નલિયા સ્થાનકે નમતા ભાવિકોનું મુંબઈ મધ્યે ભક્તિ - ભાવના સાથે મોળાવડાનું આયોજન કરવાનું વિચારી રહ્યા છીએ. જે માટે ભક્તોએ પોતાનાં ફોન નંબર તથા સરનામું નીચે જણાવેલ ભાઈઓ પાસે લખાવવા વિનંતી.**

| | | |
|---|---|---|
| ૧. ચેતન માણેકચન્દ્ર ખોના | (ગોરેગાવ- વે) | મો. : 09324461894 |
| ૨. લીતેશ હીરાચંદ ખોના | (ડોંબિવલી- ઈ) | મો. : 09619493472 |
| ૩. ફાલ્ગુન લખમશી ખોના | (ભાંડુપ - વે) | મો. : 09820620499 |
| ૪. અમીત જેઠાલાલ ખોના | (ડોંબિવલી - ઈ) | મો. : 09321705511 |
| ૫. ચીમનલાલ હીરજી ખોના | (માટુંગા - ઈ) | મો. : 09821059255 |
| ૬. લલીત કુંવરજી ખોના | (ડોંબિવલી - વે) | મો. : 09920403950 |



## છઠ્ઠી પુણ્યતિથીએ વ્હાલી માવડીને ભાવભીની શબ્દાંજલી

| જન્મ | | દેવશરણ |
|---|---|---|
| તા. ૧૧.૧૧.૪૩ | | તા. ૧૨.૮.૦૮ |

### અ.સૌ. તારાબેન નવીનચંદ્ર છેડા.

(ગામ : વારાપધર) (હાલ : ભાંડુપ)

### માતૃવંદના

*હિબકાતી પળો*

હિબકાતી પળોના વ્હેણમાં,
યાદોના વહેતા અવિરત પાણી.
વમળ બન્યા વિરહાશ્રુનાં,
જેમાં હું રે અતિ અટવાણી.
'**તારા**' વગરના ઘર મહીં,
ના છે કોઈ આનંદ કે ઉજાણી.
તુફાન સમી તડપ મુજ અંતરમાં,
તારી ખોટ રૂપે હૃદિયામાં વર્તાણી.
બસ એક ઝલક મળે 'મા' તારી;
વળી સુણવા મળે તુજ મીઠી વાણી,
ધન્યતાની ક્ષણો બની રહેશે,
એ વાત કેમ ન કોઈને સમજાણી ?
શીદ જાઉં ? શું કરું ? કોને કહું ?
મારી મુંજવણની કરું કોને લ્હાણી ?
પ્રશ્નોની ઝળી વછુટી હૃદય મહીં,
બની '**વર્ષા**' ની વિરહ કહાણી.
હિબકાતી પળોના વ્હેણમાં,
યાદોના વહેતા અવિરત પાણી.
હા. જોને,
યાદોના વહેતા અવિરત પાણી.

આપને હરઘડી હરપળ યાદ કરનારા

**પુત્રવધુ - પુત્ર : સૌ. વર્ષા જયેશ છેડા,**
**સૌ. દેવિકા વિજય છેડા.**
**પૌત્ર - પૌત્રી : જય, ચાર્વિ.**

કેશવજી તથા ભાઈશ્રી દેવશી હીરજી વિકમશી ઘણા ઠેકાણે જાય છે. અને ધાર્મિક વિધિવિધાનો અનુષ્ઠાનો તથા ક્રિયાકાંડો કરાવે છે. એ દિશામાં વિશેષ પ્રયત્નો ચાલુ છે.

૯. અચલગચ્છાધિપતિ શ્રી અચલગચ્છની પ્રણાલિકા મુજબ તિથિપત્રિકા તૈયાર કરી આપે છે. લગભગ ૧૪,૦૦૦ નકલો છપાવીને શ્રી સંઘ સમાજને વિના મુલ્યે આપે છે. તેનો ખર્ચ રૂપિયા ૧૨૦૦ થી ૧૫૦૦ થાય છે.

૧૦. અધિવેશનના ઠરાવ અનુસાર શ્રી સંઘની ચાતુર્માસ સમિતિ દર વર્ષે એક - બે વખત મળી સાધુ - મુનિવરો તથા સાધ્વીજી મહારાજોના ચાતુર્માસ બદલ સમુદાયોના વડાઓને ભલામણ કરે છે અને તે અનુસાર ચાતુર્માસ નક્કી થયા છે. મારા ખ્યાલા મુજબ અને કોઈ પણ ગચ્છમાં હાલ આવી સમિતિ નથી.

૧૧. અધિવેશનના ઠરાવ અનુસાર શ્રી સંઘનું મુખપત્ર વિતારાગ સંદેશ સં. ૨૦૩૦ ઈ.સ.૧૯૭૪થી શરૂ થયું છે. અને તે સંઘના દરેક સભ્યને તથા સાધુ - સાધ્વીજી મહારાજોને ફ્રી મોકલવામાં આવે છે. આ મુખપત્ર ચલાવવા માટે શ્રી સંઘને વાર્ષિક રૂપિયા અગિયારથી બાર હાજરની ખોટ આવે છે. આ મુખપત્રનું ધોરણ વધારે ઊંચું થાય તે માટે પ્રયત્ન ચાલુ છે. તે સાથે દર વરસે આ પત્ર ચલાવતાં જે ખોટ આવે છે તે ન આવે તથા જાહેર ખબરો વધારે મળે તે માટે પ્રયત્ન કરવા જરૂરી છે.

૧૨. અધિવેશનના ઠરાવ અનુસાર સાધુ - સાધ્વી શ્રમણ સમુદાયની વૈયાવચ્ચ શુશ્રુષા તથા દવા આપરેશનો વગેરે માટે શ્રી સંઘ તરફથી તાત્કાલીક વ્યવસ્થા કરવામાં આવે છે, તેમ જ વિહાર દરમિયાન સાથે જવા માટે પણ ભાઈ બહેનોની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે છે.

### ભુલસુધાર
### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ પુના

ગતાકમાં છપાયેલ પુના જૈન સંઘની વ્યવસ્થાપક સમિતીના નવા હોદ્દેદારોના નામોમાં નીચે પ્રમાણે સુધારો વાંચવા વિનંતી.

**જોઇન્ટ સેક્રેટરી : ભાવના મહેશ્વરી**
**ખજાનચી : કુ. ચાંદની વિજય ખોના**

## પંચતીર્થનું સોશ્યલ ઓડીટ - કુલીનકાંત ચાંપશી લુઠીયા મો. ૯૮૨૦૦૩૯૫૬૯

જૈન ધર્મ તીર્થનો મહિમા ખૂબ છે. કચ્છમાં આપણાં સૌના ગર્વસમા પંચતીર્થના દેરાસરોની યાત્રા અત્યંત લોકપ્રિય થઈ ગઈ છે. દશા - વિશા સિવાયના જૈનો પણ તેનો ભરપૂર લાભ લે છે. સુથરી, સાંધાણ, તેરા, કોઠારા, જખૌ, નલીયાના ઐતિહાસિક દેરાસરોની ગરીમા જ ભવ્ય છે. ભગવાનની સુંદર મજાની પ્રાતિમા સૌ ભક્તોની આસ્થાને ચાર ચાંદ લગાડે છે.

શ્રધ્ધાળુઓ માને છે કે તીર્થના યાત્રા કરીએ એટલે ભવોભવના કર્મોને ખપાવી દેવાય. આજે આ તીર્થયાત્રાના પવિત્ર ધામોમાં યાત્રિકોની - આસ્થાળુઓની અવરજવર પહેલાં કરતા ખૂબ વધી છે. સ્થાનિક ટ્રસ્ટીઓ તેમની સગવડો સાચવવા બધીય સુવિધાઓ સારી રીતે ઉપલબ્ધ કરાવે છે.

વ્યસ્ત ધમાલિયા જીવનમાંથી કર્મ નિર્જરા કરવાના ઉદ્દેશ્યથી તેમ જ ભગવાનની ભક્તિ પણ સમય કાઢી થાય એવા ઉમદા હેતુથી ભક્તો આ યાત્રાએ આવે છે. દેવદર્શન પુજા આદિ કરે છે, પ્રભુની સ્તવના - વંદના કરે છે, થાળ ચઢાવે છે, પુજાપાઠ કરે તે સાથે હીરા, માણેક, મોતી અને પૈસા ચઢાવે છે, અર્પણ કરે છે. અને શક્તિ પ્રમાણે ભક્તિ કરે છે.

ભગવાનને ચઢાવાયેલા હીરા, માણેક, મોતી, જરજવેરાત વિગેરેની ટ્રસ્ટીઓ, પુજારીઓ, ઈન્વેન્ટરીમાં નોંધ કરે છે. જ્યારે વાર તહેવારે પુજન પ્રસંગે, પર્યુષણ પર્વના પ્રસંગે લોકો ભાવપુર્ણ દર્શન કરે અને પ્રભુભક્તિ હર્ષોલ્લાસથી થાય તે અર્થે પ્રાતિમાજીને ફુલો, આદિથી શણગારતી વખતે દાગીના, હીરા, મોતી,માણેક પણ ચઢાવે છે અને પ્રસંગ ઉજવાયા બાદ ફરી સ્ટોક રજીસ્ટરમાં નોંધ કરી, તીજોરીમાં સલામત મુકાય છે.

ભગવાનને ચઢાવેલ હીરા, માણેક, મોતી અને જરજવેરાતને ઈન્વેન્ટરીમાં ટ્રસ્ટીઓ ચઢાવેલા દાગીનાની સ્ટોક રજીસ્ટરમાં બરાબર નોંધ થાય. આ બધીય કાર્યવાહીમાં એક કરતાં વધુ અધિકારીઓ, ટ્રસ્ટીઓ કે પુજારીઓ પોતાની ફરજ બજાવે છે. સ્ટોક રજીસ્ટરમાં જમા ઉધાર પાસું બરાબર લખાયું છે કે નહીં, ક્યાંક ભૂલી તો નથી થઈ, કે નિષ્પાપે/ કે ઈરાદાપૂર્વક કોઈ ભૂલ તો નથી થઈ તે માટે એક વખત એ બાબતનું સોશ્યલ ઓડીટ એક જરૂરી કાર્યવાહી બની ગઈ છે.

આજે અન્યત્ર ભગવાનના દેરાસરોમાં, મંદિરોમાં, પવિત્ર સ્થળોમાં ટ્રસ્ટીઓ, પુજારીઓ, વ્યવસ્થાપકો પર વધુ પડતા વિશ્વાસને કારણે


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

● સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
● રીયલ/ટેસ્ટેડ ઘરચોળા,બોર્ડરો,પાનેતર,બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676



Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881

ગુરૂવાર બંધ

સંસ્થા/ટ્રસ્ટી અને સમાજને નુકશાન પહોંચડે છે, ઘાલમેલ કરે છે, ભૂલચુક કરે છે, અસલીની જગ્યાએ નકલી ચઢાવે છે, તેવા સમાચારો અવારનવાર અખબારોમાં ચમકતા હોય છે, ત્યારે આપણો જૈન સમાજ આવા કોઇ કૌભાડોનો ભોગ ન બને, ભુલોનો શિકાર ના બને અને વધુ પડતા વિશ્વાસના ભોગે સમાજને કોઇ પણ પ્રકારના નુકશાન ન પહોંચે એવા ઉમદા આશયથી આ સોશીયલ ઓડીટ આપણાં આ પવિત્ર મહાન દેરાસરોમાં થવું જોઈએ.

આ બધાય દેરાસરોના પ્રત્યેકના આ ટાસ્ક માટે નીમાયેલા એક ટ્રસ્ટી તેમ જ ત્રણ સી.એ.ની એક ટીમ દ્વારા આ બધીય નોંધણી બરાબર થાય છે કે નહીં અને સંપૂર્ણ સલામતી છે કે નહીં અને તેનું જમા-ઉધાર પાસું બરાબર છે કે નહીં તે વિશેનો એક ઓડીટ અહેવાલ તીર્થવાર તૈયાર થવો જોઇએ, જેથી ભૂલચૂક સુધારને અવકાશ રહે. અને આપણો આ ધાર્મિક વરસો સારી રીતે સલામત જાળવી શકીએ, તેની આવશ્યક દેખભાળ વધુ સારી રીતે કરી શકીએ.

શ્રી ક.દ.ઓ. જૈન ચાર્ટર્ડ એકાઉન્ટેન્સ એસોસીયેશન આ દિશામાં પંચતીર્થના ટ્રસ્ટીઓ સાથે બેસી આ સોશીયલ ઓડીટને પ્રાધાન્ય આપી સ્વૈચ્છિક રીતે પોતાની ધાર્મિક અને નૈતિક જવાબદારી અદા કરી શકે.

ફક્ત પાંચ દિવસથી ઓછા સમયમાં આ સંપૂર્ણ કાર્યવાહી રચનાત્મક ઢબે પુરી કરી શકાય ખરી. સમાજકલ્યાણના આ મહત્વના કાર્યમાં, શિક્ષિતો પણ પોતાના જ્ઞાનનું યોગદાન આપી સમાજનો એક મજબુત પીઠબળ આપી શકે ખરા.

## કચ્છ જાઓ ત્યારે... માંડવી વૃધ્ધાશ્રમની મુલાકાત અવશ્ય લેશો.

કચ્છ માંડવી ખાતે શ્રી મેઘજી સેજપાલ જૈન આશ્રમ માંડવી - ભુજ રોડ, માંડવીમાં આવેલા વૃદ્ધાશ્રમની અવશ્ય મુલાકાત લેશોજી.

ત્યાં આપણાં ક.વી.ઓ. ભાઈ ઉપરાંત આશરે ૨૦ જેટલા કે.ડી.ઓ. વડિલો પણ છે. તેમણે રૂબરૂ મળી આનંદના, સાંત્વનાના અને મીઠાશના બે શબ્દો બોલશો તો આનંદ થશે. તેમને ગમશે સાથે તમને પણ ગમશે.

કે.ડી.ઓ. હોવાનો કારણે આત્મીયતા કેળવાશે. તેમની માનસિક તકલીફ દુર થશે. તેમના આત્મીય જન તેમને મળવા આવ્યા તે તુલ્ય આનંદ થશે.

સાથે આર્થિક અનુકૂળતા હોય તો ૧૦૦ / ૧૨૫ જણાં માટે બિસ્કીટ, ફ્રુટ કે મીઠાઈ પણ લઈ જશો અને અધિકારી વર્ગની અનુમતિ લઈ સર્વેને રૂબરૂ મળી વિતરણ કરશો તો અત્ર, તત્ર, સર્વત્ર આનંદ આનંદ અને આનંદ.

સ્વજનોને આપવાનો કોઈ સંદેશો હોય તો તે પણ પહોંચતો કરશો અથવા મોબાઈલ પર વાત પણ કરાવી આપશો તો તેમને ખુશી થશે અને તમને કદાચ વધુ ખૂશી પણ થશે.

***- કુલીનકાંત ચાંપશી લુઠિયા***

## જ્ઞાતિજનની પી. આર. કોટન કંપનીને પ્રતિષ્ઠિત એવોર્ડ

સોનલ અને પ્રતાપ ડાઘાના સુપુત્ર મનિષની કંપની પી. આર. કોટન કંપનીને 'બેસ્ટ એગ્રી બિઝનેશ એન્ડ સર્વીસ' માટે નેશનલ એવોર્ડ પ્રાપ્ત થયો છે.

સંભવત : કોઈ કોટન કંપનીએ આ રાષ્ટ્રીય એવોર્ડ મેળવ્યો હોય તેની આ પ્રથમ ઘટના છે. અભિનંદન.

## જીવદયા પ્રેમી જ્ઞાતિજનની જહેમતથી કોચીન માં માંડજા પર પ્રતિબંધ

વિવિધ તહેવારોમાં ઉડાડાલી પતંગો માટે વપરાતા નાયલોનના અને કાંચ પાયેલ દોરા (માંજી) થી અનેક પક્ષીયો ઘાયલ થાય છે કે પીડાદાયી મૃત્યુ પામે છે.

આ થયું અટકાવવા જ્ઞાતિજન મુકેશ ભાણેકજી લોડાયા (જૈન) તેમની સંસ્થા જૈન ફાઉન્ડેશન દ્વારા પ્રયત્નશીલ છે. તાજેતરમાં તેઓ યોજનના ટાંકણે તેઓ અદાલતી કાર્યવાહીથી નાયલોનના દોરા અને કાંચ પામેલા માંઝાથી પતંગ ઉડાડવા પર પ્રતિબંધ મુકાવવામાં સફળ નીવડયા.

## સહજીવનનું પ્રથમ પગથિયું

**વનિતા**



**વિશ્વ**

તિહુણા અને મયંક એક જ વાર મળ્યાં. મળ્યાં શુ માત્ર એક બીજાને જોયાં ને લગ્ન માટે સંમતિ આપી દીધી હતી. વડીલો દ્વારા ગોઠવાતાં લગ્નમાં આ રીતે જ નિર્ણય લેવાતો હોય છે.

અપરિચિતતાનો એક રોમાંચ અને વિસ્મય અનુભવતાં તેઓ લગ્ન પછી ગોવા ફરવા આવ્યાં. હાથમાં હાથ લઈને તેઓ દરિયાકિનારે આવ્યા.

મયંક બોલ્યો, 'ચાલ, આપણે દરિયામાં નાહીએ.'

'ના, ના. મને તો પાણીમાં પગ મૂકતાં જ ડર લાગે.' ડર પામતી તિહુણા બોલી.

નવાઈ પામતાં મયંક બોલ્યો, 'હું તો પાણીનો જીવ છું. કંઈ કેટલી સ્ટાઈલથી મને તરતાં આવડે છે. તરણસ્પર્ધામાં મેં ઈનામો જીત્યાં છે.'

'મને પાણીનું આકર્ષણ નથી'. સાવ નીરસતાથી તિહુણાએ કહ્યું.

તિહુણાને પાણીમાં રસ પડે માટે મયંકે જાતજાતના અનુભવો કહેવા માંડ્યા - રોમાંચ અને સાહસભર્યા અનુભવો, પણ પતિની વાતમાં રસ લેવાના બદલે તિહુણા બોલી, 'આપણા બે વચ્ચે આ પાણી કાયમ રહેશે? '

'એટલે શું તને પાણીની વાતો સાંભળવીય નથી ગમતી?' આઘાત પામતાં મયંક બોલ્યો.

તિહુણા બોલી, 'મને તો દુરદૂર સુધી ફરવા જવું ગમે.'

'સારું, તું ફરવા જા અને હું તરવા જાઉં.' આટલું કહીને મયંક પાણીમાં કૂદી પડ્યો.

તિહુણાથી નિસાસો નંખાઈ ગયો : શું મયંક મારાથી દૂર ને દૂર જ રહેશે? પ્રેમ અને દામ્પત્યના રોમન્સની મારી મધુર અભિલાષાઓ સંતોષાશે નહીં? મારે આમ જ જીવન પસાર કરવાનું?

ત્યાં એની નજર એના પોતાના કુર્તા પર ગઈ. સુંદર ફૂલપાદડાંનું પેચવર્ક કરેલું એ કુર્તું હતું. સવારે જ આ ભરતકામ જોઈને મયંક બોલ્યો હતો: 'આ કુર્તાનો મૂળ લીલો રંગ મને બહુ નથી ગમતો પણ એમાં આ બીજા રંગના પેચીસ ટાંક્યા છે, તેથી આ કુર્તું ખૂબ શોભે છે. મને ગમે છે.'

તિહુણાને મયંક સાથે થયેલો સંવાદ યાદ આવ્યો ને એના મનમાંથી અવાજ ઊઠયો. મયંકના વ્યક્તિત્વને, એના શોખ અને એની આદતોનો સ્વીકારીને એ સર્વને ફૂલપાંદડાંની જેમ મારી જિંદગીમાં મારે ટાંકવાં જોઈએ. હું આ બધું જો પ્રેમ અને રસથી કરીશ તો એ મારા કુર્તા પરનાં કલાત્મક વિવિધ રંગનાં ફૂલપાંદડાંની જેમ મારી જિંદગીમાં શોભી ઊઠશે. એનાથી મારું જીવન વધુ રસભર્યું, સુંદર અને સમૃદ્ધ બનશે.

મયંક મારા કરતાં તદ્દન જુદા કુટુંબમાં જન્મ્યો છે અને ઉછર્યો છે તેથી એના શોખ, આદતો, માન્યતાઓ મારાં શોખ - આદતો કરતાં જુદાં હોય એ સ્વભાવિક છે.

પરંતુ લગ્ન પછી સહજીવનમાં મારાથી મારી પોતાની પસંદગીને પકડીને બેસી ના રહેવાય. મયંક મારો શોખ અપનાવે તો જ હું એનો શોખ અપનાવું, એમ રાહ જોવામાં તો જીવનનાં કીંમતી વરસો બગડી જાય. અમે નિકટ આવવાના બદલે દૂર થઈ જઈએ.

એને મારામાં રસ લેતો કરવો હોય તો પહેલાં મારે એનામાં રસ લેવો જોઈએ. એની સાથે એકત્વ સાધવા મારે પ્રયત્ન કરવા જોઈએ. એને તરવાનું ગમે છે તો હું તરતાં શીખીશ.

એ પાણીમાં તરતો હોય ને હું કાંઠે બેસી રહું એ ના ચાલે. એ મારી સાથે હાથમાં હાથ પરોવીને ચાલવાનું પસંદ ન કરે તો કંઈ નહીં, એનું હું દુઃખ નહીં લગાડું. એને મારો સંગ ગમે છે, હું ગમું છું એ જ મોટી વાત છે અને તેથી તો એ મને તરવાનું શીખવવાની વાત કરે છે. તરતાં તરતાં અમે એકબીજાને સમજીશું, જાણીશું અને એક થઈશું.

મનમાં આવો નિર્ણય લેવાયો અને એણે મયંકને પોકાર પાડયો. મયંક તરત નજીક આવ્યો. તિહુણા એના ગળામાં હાથ નાખતી બોલી, 'મનેય તારું પાણી બોલાવે છે.'

તિહુણાના અવાજમાં મસ્તીભર્યો પ્રેમ હતો. મયંક રાજી થઈ ઊઠયો. 'તો ચાલ, મુહુર્ત શું જોવાનું' પણ બીજી જ ક્ષણે બોલ્યો, 'તારા આ ડ્રેસમાં તરવાનું તને નહીં ફાવે, માટે આજે નહીં, કાલે કોસ્ટયુમ લઈને આવીશું.'

'તો આજે શું કરવાનું? તું પાણીમાં ને હું એકલી જમીન પર?' તિહુણાએ પુછ્યું.

'ના રે, આજે આપણે બેઉ કિનારા પર બેસીને વાતો કરીશું, ભીની ભીની રેતી પર ચાલવા જઈશું.'

મયંક બોલ્યો. એના અવાજમાં અનેરું પોતાપણું હતું.

તિહુણા આનંદ અને આશ્ચર્ય સાથે મયંકને સાંભળી રહી. એણે તરવાનું શીખવવાની તૈયારી બતાવી તો મંયક કેટલો ખુશ થઈ ગયો! તરવાનું છોડીને એની સાથે જમીન પર આવીને બેઠો. એ મયંકની દિશામાં એક ડગલું ચાલી તો મંયક એક શું બે - ત્રણ ડગલાં ચાલીને એની પાસે આવીને બેસી ગયો, આમ જ પતિ - પત્નિ વચ્ચે નિકટતા સધાય છે. હુંપદ ગળી જાય છે.

દામ્પત્યજીવન સફળ બનાવવું હોય તો હું ને ઓગાળી દેવું પડે. જીવનસાથીની પસંદગીને પોતાની પસંદગી માનવી જોઈએ અને એ ક્રિયા બહુ સાહજિક રીતે થવી જોઈએ. મેં તારા ખાતર આ છોડયું એવો ભાવ મનમાં ન લાવવો જોઈએ કે જીવનસાથીને એનો અહેસાસ ના કરાવવો જોઈએ. હું અને તું વચ્ચેનો ભેદ ભૂંસાઈ જાય તો જ પતિ - પત્નિ અદ્વૈત અનુભવી શકે. દામ્પત્યજીવન સુદૃઢ બને.


સ્ત્રી અને પુરુષ બંને મનુષ્ય તરીકે સમાન છે. પરંતુ બંનેની વિચારવાની રીત, દુનિયાને જોવાની રીત, અનુભવવાની રીત, અભિવ્યક્ત કરવાની રીત અલગ હોય છે, છતાંય ઈશ્વરે બંનેનાં સહજીવન નિર્માણ કર્યા છે એની પાછળ જે શુભમંગલ હેતુ છે, એને સાર્થક કરવાની આપણી ફરજ છે. સ્ત્રી અત્યંત સંવેદનશીલ, ભાવનાશીલ અને ઋજુ હોય છે જ્યારે પુરુષ ઋજુ કે નાજુક સંવેદનવાળો નથી હોતો એ સ્ત્રીએ સમજવું જોઈએ. નાની નાની વાતમાં ખોટું લગાડીને રિસાવું જોઈએ નહીં કે કટુવચનો બોલીને પતિ - પત્નીના મધુર સંબંધને કડવો ન બનાવવો જોઈએ. એના કરતાં તિહુણાની જેમ સમજદારી દાખવીને, પોતાના મનની વાત પ્રગટ કરીને પતિને સાથ આપવો જોઈએ. માત્ર દુખમાં જ સાથ આપવો એવું નહીં, સુખ અને આનંદમાં પણ સાથ આપવો.

***- અવંતિકા ગુણવંત***


## પાસ થયા - હાર્દિક અભિનંદન



**નિધિ દેવેન્દ્ર માલદે**
**ડોંબિવલી - દલતુંગી**
S.S.C. 86.80%



**મયંક રૂપેન જૈન**
**ઘાટકોપર**
H.S.C. 92.77%



**કેવલ પ્રફુલ્લ શાહ**
**પુણે**
H.S.C. 70.77%



**જીનલ અરવિંદ કુમાર મુનવર**
**ઘાટકોપર**
B.M.S. 69.82%




**હર્ષિતા વસંત મોતા**
**હૈદરાબાદ**
S.S.C. Gr. Point7.2%



**કૃતિકા ચંદ્રેશ મોમાયા**
**ડોંબિવલી**
H.S.C. 77.38%



**માનસી તરૂણ નાગડા**
-
B.Sc
Semi VI - 78.81%




**મયંક કીર્તિ દંડ**
**ડોંબિવલી**
T.Y.Bcom -
Semi VI 79.28%



**જ્યોતી પ્રમોદ ભગત**
**કાંદિવલી**
T.Y.Bcom -
Semi VI 86.86%



**ભુમિક પરેશ મોતા**
**કોચીન**
S.S.C. 72.00%




**ચાર્મી પંકજ કુરવા**
-
H.S.C. 85.12%



**મૈત્રી રાજેશ છેડા**
**ઈંદોર**
8th 8.17 Grade



**અક્ષત રાજેશ છેડા**
**ઈંદૌર**
IIT 1st Year



**ઈક્ષા દેવેન લોડાયા**
**કાંજુરમાર્ગ**
S.S.C. 82.60%





**સાક્ષી મનિષ મોમાયા**
**ખંડવા - સાંયરા**
CBSE - A Grade



**દિક્ષિતા મોતા**
**કોચી**
B. Com Model 1st - B Grade

## YOUR CRICKET TO LIFE (Part - 4)

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

**24. BALL:**

Though hand behind the ball is more important, the quality of the ball is also crucial. A new ball suits the pace bowler and the spinner likes an old ball. Similar the personality and the attitude of the CEO or the businessman is more important. They have to fine tune their approach to a new client, old client and so on to achieve the results. In a way other name for a good and successful life is the quality of adjustability to the circumstances and facts. We have to play the ball in our crease or court depending on its nature. A hook shot suits a bouncer and a cover drive is needed where width is available by an off side delivery. Universal practice is to give respect to the ball it deserves.

**24. OVERDOZE OF CRICKET:**

In India cricket is a craze like foot ball in Brazil. It's almost a religion. As a result the other sports suffer. Lot of unnecessary time is spent and work suffers. Anything in excess is dangerous. In life and business too much concentration or attention at the cost of the focus areas is undesirable and risky.

**25. PRACTICE:**

Regular practice and match practice are a must for any sport person, including cricketer. Stiff bodies will ensure non-performance. The more you sweat in practice, the less you bleed in the battle. Nowadays it is not only physical exercise and play but also mental game session each player has to undergo. Only prayers don't help. So also in business and life. Probation periods, training and skill development and internship are a must. Practice makes us perfect. Prayer isn't to change God's mind, but allow God change our mind. If dreams die due to lack of practice, life is like a broken winged bird that cannot fly.

**26. TARGETS:**

Don't get disheartened by a mammoth total of the runs scored by the opponents or become over confident or complacent due to low score. If you do so you are inviting defeat. Play the match ball by ball and try to score possible runs and don't look at the total. Your target is to play every ball and score the maximum. Match is not won or lost till the last ball is bowled. Anything can happen. In the test match played in the second week of July, 2014 between India and England the last wicket partnerships went on to break the world records and match was a draw. In business and life also don't get overwhelmed by the targets. Careful planning and strategy will win a race for you. Unnecessary tension will be ruinous. Worrying is like running on a treadmill, you remain where you are. Uphill tasks can also be performed with careful plans to meet the challenges. You should not under estimate/overestimate your strengths and also don't underestimate/ overestimate the rivals. Play as planned.

**પયુર્ષણ પહેલાંની અચલગચ્છીય પાંખીઓ**

શ્રાવણ વદ ૧૩ તા.૨૩.૦૮.૧૪ પર્યુષણ પર્વ પ્રારંભ

શ્રાવણ વદ ૩૦ (અમાસ) તા.૨૫.૦૮.૧૪ મોટું સામાયિક

ભાદરવા સુદ ૧ તા.૨૬.૦૮.૧૪ કલ્પસુત્રનો વરઘોડો

ભાદરવા સુદ ૨ તા.૨૭.૦૮.૧૪ ત્રિશલા માતાએ જોયેલા સપના ઝુલાવાનો કાર્યક્રમ

ભાદરવા સુદ ૫ તા.૩૦.૦૮.૧૪ સાવંતસરિક પ્રતિક્રમણ

ભાદરવા સુદ ૬ તા.૩૧.૦૮.૧૪ ક્ષમાપના

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

**27. PITCH:**

Though the size of the pitch is always 22 yards, its quality varies geographically as well as in its preparation by the grounds man. Many times its unpredictable and plays havoc. The unplayable/ underprepared pitches are low scoring. In life also the family in which you were born are the pitches. The financial status of the parents matters. The children from poor background have to learn and play well in the under prepared pitches. We have many examples of rags to riches achievements. They are the players of quality and their performance dominated the pitches.

**28. SPECTATORS:**

Playing before home crowds has more advantages. They are the source of motivation. Many of them would have played gully cricket. But they pass sweeping and unpalatable comments on every subject of cricket and players. In the same way doing business in the known place and living with friends and relatives increases the comfort and convenience level. In human social set up you find many persons who have hardly done any social work or business, but still talk and behave as if they are paragon of virtues and downgrade every person with no or half information to derive some sadistic pleasure or achieve some ulterior motive. For them every ball is fixed and every social entrepreneur is corrupt. Character assassination is their pastime. Such behaviour demoralises genuine persons. Be thick skinned. When elephant moves, people throw stones. But it moves majestically unmindful of the behaviour of the crowds.

**29. TEAM GAME:**

There will be individual stellar performances in a match but at the end of the day it is team effort. You can score well if your partner on the other end has good understanding of your style. Otherwise you will be run out or make him run out. If the fielders drop catches your best bowling is futile. Life and businesses are relationships. If the partners have trust deficit the business will go to dogs. Happy and successful life need good relationships. Fights, divorces, misunderstandings in life will sap the energies of existence and become hell in spite of your abilities and material comforts.

**30. Cricket is a game of UNCERTAINTIES:**

Sure win suddenly gets converted in to a loss or a draw. Staring defeat results in a win or a draw. Sometimes the weather plays a spoil sports. There is no certainty and security to life itself, then where is the question of certainty in life. There is no tomorrow guaranteed for anyone of us. So accept this reality of life. Without uncertainties and dissatisfaction there is no growth. Without happiness there is no life. So be happily dissatisfied. We have to make our life count in spite of all uncertainties. So rather than seeing it from the pessimistic perspective that there is uncertainty can we bring dynamism into life by contributing something of substance before life ends.


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## પુણ્યવંતા મહાન આત્માના નામો અને તેના દિવ્ય વિશેષણ .....

શ્રી પાર્શ્વનાથ ભગવાન.. 'પુરૂષાદાનિય' પ્રગટપ્રભાવી ..
શ્રી મહાવીર સ્વામીજી ..... 'આસન્નોપકારી'....ચરમતીર્થપતિ ત્રિશલાનંદન
ગણધરશ્રી ગૌતમસ્વામીજી .... 'અનંતલબ્ધિનિધાન' પ્રકૃષ્ટ વિનયવંત
યુગપ્રધાન શ્રી ભદ્રબાહુસ્વામીજી.... 'શ્રુતકેવલી'... કલ્પસૂત્ર પ્રણેતા..
યુપ્રધાન શ્રી સ્થૂલભદ્રસ્વામીજી .... 'અજોડ કામ વિજેતા'
જૈનાચાર્ય શ્રી વજ્રસ્વામીજી ..... 'દશ પૂર્વધર' ... અજોડશાસન પ્રભાવક...
શ્રી ઢંઢણ મુનિવર... 'ઉત્કૃષ્ટ અભિગ્રહધારી' મહાત્યાગી
શ્રી ગજસુકુમાલ મુનિવર...અદ્‌ભુત સમતાધારક..
શ્રી ઈલાયચીકુમાર... અજોડ મોહ વિજેતા.. કેવલજ્ઞાની
શ્રી નંદિષેણ મહામુનિવર..... વિશિષ્ટ વૈયાચ્ચસેવા સમર્પિત...
મગધ મહા અમાત્ય અભયકુમાર.... 'મહાબુધ્ધિનિધાન' .... પ્રભુભક્ત....
ધનકુબેર ધન્ના શાલિભદ્ર .... અજોડ રિધ્ધિસિધ્ધિના સ્વામી
તક્ષશીલા નરેશ બાહુબલી.... અજોડ બલના ધારક .... પ્રચંડસામર્થ્યવાન..
શ્રી શ્રીચંદ્રકેવલી .... પ્રચંડ પુણ્ય પ્રતિભાના માલિક... શ્રેષ્ઠતમ રાજવી
શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી...... યાકિની મહત્તરા સુનુ....૧૪૪૪ ગ્રંથોના સર્જક
કયવન્ના શેઠ....શ્રેષ્ઠતમ સૌભાગ્યવંત..... સ્નેહિલ યશકીર્તિ સ્વામિ
શ્રી અભયદેવ સૂરીજી..... નવાંગી ટીકાકાર..... મહાવિદ્વાન જૈનાચાર્ય ....
શ્રી જંબૂસ્વામિજીમહારાજા .......અંતિમકેવલી .... મહાવૈરાગ્ય પૂંજ ....
શ્રી આર્ય સુહસ્તિસૂરીજી ...... અજોડ શાસન સિતારા .... ધર્મપ્રભાવક....
શ્રી જયસિંહ સૂરીશ્વરજીમહારાજ.... અનેકલક્ષ ક્ષત્રિય પ્રતિબોધક ...
શ્રી સિધ્ધસેન દિવાકરસૂરીશ્વરજી ... વિશિષ્ટ નૃપ્રતિ બોધક...
જૈનાચાર્ય હેમચંદ્રસૂરીશ્વરજી કલિકાલ સર્વજ્ઞ... પ્રભાવક પ્રવચનકાર
શ્રી ધર્મઘોષ સૂરીશ્વરજી મહારાજા.... અનેક શાસ્ત્ર સર્જક...
વંકચૂલ ....અજોડ નિયમ પ્રતિપાલક ....દ્રઢ પ્રતિજ્ઞા ધારક.....
શ્રી અવંતિ સુકુમાલ...દ્રઢમનોબલી ........ઉત્કૃષ્ટસાધક.....
સમ્રાટ સંપ્રતિરાજા....અદ્‌ભુત જિનધર્મ પ્રચારક ... અનેક જિનાલય નિર્માતા
ગૂર્જરેશ્વર કુમારપાલ રાજા... પરમાર્હત .....પ્રચંડ જીવદયા પ્રતિપાલક..
રાજરાજેશ્વર દંડવીર્ય ......અત્યુન્નત સાધર્મિક ભક્તિકારક....
શ્રાવિકારત્ન સુલસા... અદ્‌ભુત સમ્યક દર્શન ધારક ... પ્રભુક્ત..
મહારાણી ચંદ્રકલાદેવી ..... પદ્મિની... અદ્‌ભુત રૂપ સામ્રાજ્ઞી

**ગુરૂદેવશ્રી જ્ઞાનરશ્મિ વિજયજીમહારાજ સાહેબ(સુરત)**

## અમદાવાદમાં કચ્છી નવ વર્ષ ઉજવણી :

શ્રી ગૌતમ સ્વામિ પુજન.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા કચ્છી નવા વર્ષની ઉજવણી નિમિત્તે અષાઢ સુદ બીજ વાર રવિવાર તારીખ ૨૯.૦૬.૧૪ ના રોજ સૌ પ્રથમ વખત શ્રી મહાવીર સ્વામી પરમાત્માના પ્રથમ શિષ્યરત્ન શ્રી ગૌતમસ્વામીજી મહારાજાની આરાધનાર્થે શ્રી ગૌતમસ્વામી મહાપૂજનનું આયોજન કરવામાં આવેલ.

આ પાવન પ્રસંગે શ્રી સંઘનો આચાર્ય દેવ શ્રી વિજયગુણ સૂરિશ્વરજી મહારાજ સાહેબની પાવનનિશ્રા પ્રાપ્ત થયેલ.

ચતુર્વિદ સંઘની હાજરીમાં શ્રી નરેન્દ્રભાઇ નંદુ દ્વારા સંગીતની સૂરાવલી સાથે ભણાવવામાં આવેલ પુજનમાં ૪૫ પરિવારોએ સ્વહસ્તે પોતાના ઘરે સ્થાપના કરવાનો લહાવો લીધેલ.

અમદાવાદની વિવિધ જૈન સંસ્થાના અગ્રણીઓ ઉપરાંત અમદાવાદના મેયર શ્રીમતી મિનાક્ષીબેન પટેલ અને મુંબઈથી કલ્પેશભાઈ મોતાએ પણ હાજર રહીને પૂજનનો લાભ લીધેલ. ચૌવિહાર બાદ કચ્છથી બોલાવેલ ઢોલીઓના તાલ સાથે કચ્છી ઢોલ, રાંધ, મટુકડી, બાર દાંડિયા અને ધમાલની રમઝટ જામી.

મહાજનશ્રીની કારોબારીના સભ્યો ઉપરાંત મહિલા મંડળ તેમજ યુવક મંડળના કાર્યકરોએ પણ આ કાર્યક્રમ સફળ બનાવવા સારો સહકાર આપેલ.

# મુખની દુર્ગંધના ઈલાજ

જ્યારે મોઢામાંથી દુર્ગંધ આવે ત્યારે દરદીને પોતાને ખ્યાલ હોતો નથી, પણ તેના સ્વજન કે આસપાસના લોકો, જ્યારે જણાવે ત્યારે તેને ખબર પડે છે. એ રોગ છે પાયોરિયા, એનાં ખાસ ચિહ્નો હોતાં નથી. શરૂઆતમાં બ્રશ કરવાથી આ દુર્ગંધ દૂર થઈ જાય અને એથી આ સ્થિતી પ્રત્યે દુર્લક્ષ્ય સેવવામાં આવે છે. પાયોરિયા એટલે પરુનું વહેવું. એ દાતને નુકસાન કરે છે. દાંત હાલવા લાગે છે. ક્યારેક તેમાંથી લોહી પણ નીકળે છે અને પેઢાં ફુલી જાય છે.

સૌપ્રથમ જોઈએ તો અપૂરતી ચોખ્ખાઈ, ચાવ્યા વગરનું ખાવું, અપૂરતું પોષણ, વાંકા ચૂકાં દાંત માટે જોઈતી કાળજી ન રાખવી, વિટામિનોની ખામી વગેરે આનું કારણ હોઈ શકે. સરખું ચાવીને ન ખાવાથી દાંતને પૂરી કસરત મળતી નથી. વળી, ખાધા પછી દાંત સરખા સાફ ન કરવાથી તેમાં ખાવાનું રહી જાય છે, જે દાંતનાં પોલાણમાં ભરાઈ રહે છે અને ખોરાક ત્યાં પડયો પડયો સડે છે. આ કોહવાઈ જવાને લીધે ત્યાં જીવાણુઓની સંખ્યા વધે છે અને ત્યાં સોજો થાય છે. બ્રશ કરીએ ત્યારે તેમાંથી લોહી નીકળે છે. ઘણી વ્યક્તિઓનાં થુંકમાં અમુક ક્ષાર વધુપડતા પ્રમાણમાં રહેલા હોય છે. આ ક્ષાર સુકાઈ જાય ત્યારે એ સખત બની છારી કે પથરીની જેમ દાંત ઉપર જમા જાય છે, એને આપણે ટાર્ટર કહીએ છીએ. જેઓ તમાકુ ખાતા હોય કે શરાબ પીતા હોય અથવા એવાં એ એસિડવાળાં પીણાં લેતા હોય તેઓને આ પથરી જલદી થાય છે.

મોટા ભાગના રોગીઓમાં પાયોરિયા જોવામાં આવ્યો છે અને ક્યારેક મોટી ઉંમરના દરદીઓમાં વિટામિનોનો અભાવ, ખોરાકમાં કેલ્શિયમ અને ફોસ્ફરસના અભાવને કારણે દાતમાં પોલાણ થતું જોવામાં આવે છે. દાતમાં રહેલી જગ્યા વચ્ચે ખોરાક ભરાઈ રહે છે અને દાંત નીચા ઊતરી જાય છે. એક દરદીની ફરિયાદ હતી કે તેને અપચો, અશક્તિ અને ગભરામણ થાય છે. સાંધામાં દુ:ખાવો પણ અસહ્ય થઈ ગયો છે. નાડી પરીક્ષામાં વાયુ, કફ કે પિત્તનો પ્રકાર જણાયો નહીં, પણ નાડીના ધબકારા બહુ ઝડપી હતા. શરીરમાં ક્યાંક કોઈક ચેપની નિશાની બતાવતા હતા. મોઢું ચેક કરતાં મોમાંથી પરુવાળી દુર્ગંધ આવતી હતી.

પાયોરીયા ફક્ત મોઢા અને દાંતનો જ આવરતો રોગ નથી, પણ આ પરુ થુંક વાટે પેટમાં જતાં શરીરમાં પણ અજંપો, ગેસ અને અપચો ઊભો કરે છે. મોઢામાંથી આવતી દુર્ગંધનાં બીજાં પણ કારણો છે, જે સમજી લેવાં હિતાવહ છે. પાયોરિયા, જીન્જીવાઈટીસ, નાક્ના રોગો, ગળાના રોગો, ફેફસાંના રોગો, પેશાબના રોગો, હોજરીમાં બગાડો, અજીર્ણ, અપચો, કબજિયાત, લાંબો સમય કરવામાં આવતા ઉચ્છવાસથી પણ મોઢામાંથી દુર્ગંધ આવે છે.

ઉપચારમાં સૌથી પહેલાં સંપૂર્ણ ચોખ્ખાઈ રાખવી, વારંવાર દાત સાફ કરવા, કંઈ પણ ખાધા પછી દાંત સાફ કરવા, બ્રશને ઉપરથી નીચે ઘસીને કરવું, મીઠાના પાણીના કોગળા કરવા. આ એક પ્રાથમિક સારવાર છે. જ્યારે દવામાં એલચી, લવંગ, ફટકડી, કાથો, માયાફળ, જેઠીમધ, પાષાણભેદ, મેન્થોલ, જીરું, વાવડિંગ, તજ, પીપર અને આવાં દ્રવ્ય મેળવી તેનું ચૂર્ણ બનાવી તેને દિવસમાં બે વાર દાતમાં ભભરાવી મોઢામાં રાખવું, જ્યારે મોઢામાં થુંક ભેગું થાય ત્યારે લાળ પાડી જે દવા નીકળી જતી હોય તે નીકળી જવા દેવી અને બાકીની મોઢામાં રહેવા દેવી. આ પ્રયોગ ઉપર કોગળા કરવા નહીં. આવા અનેક પ્રયોગો દાંત માટે છે, પરંતુ સ્વચ્છતાથી આ રોગને દૂર રાખવો એ સૌથી પહેલું પ્રયોજન હોવું જોઈએ.

***- ડૉ. મલ્લિકા ચંદ્રશેખર ઠક્કુર***

## જલગામના કુ.હર્ષિકા મિનેશ નાગડાને પ્રતિભા રત્ન પુરસ્કાર



હર્ષિકા મિનેશ નાગડાને મુંબઈની જીવનદાયી સંસ્થા તરફથી કલા ક્ષેત્રમાં ઉલેખનીય કાર્ય કરવા માટે રાષ્ટ્રીય પ્રતિભા રત્ન ગૌરવ પુરસ્કાર ફિલ્મ અભિનેત્રી મેધા ધાડગે, નરેશ ઉમંગ, વિષ્ણુ શિંદે આદિમહાનુભાવોના હાથે આપવામાં આવ્યો હર્ષિકા એ ખાન્દેશ મહોત્સવમાં દહેજ બેટી બચાવ આ નૃત્ય નાટિકામાં ઉત્કૃષ્ટ કાર્ય કર્યું હતું.

## Negative Side of Technology - HitanshuChandreshDhulla

What Technology has done in the last few years is that it has partially killed our desire to question or debate. We are blown away by a perspective that is bombarded on social media, be it completely or partially right.




Earlier, not everyone had access to the same news which made it easier for criminals to hide their deeds, the issue about corruption or crime against women being a case in point. But at the same time, all pervading, omnipresent technology has made it easier for people with malicious intentions to change public perception with clever marketing and packaging.

There are several other areas that technology has impacted us in a negative fashion. How many of us can remember new cellphone numbers anymore? The accessibility of dataat hand has made us slaves to mobile phones and computers. We can't add or multiply anymore nor can we remember phone numbers. I have come across people who don't remember even their own numbers and look up in the phone book in their mobiles for that. The social media and instant messaging apps might have brought us closer to those people whom we may not have met or interacted with other wise but it has taken us away from our near and dear ones. It has taken the human out of human interaction. How much did we enjoy meeting with our friends and cousins and playing with them? Today's children chat on their mobiles and are satisfied with it. To give a glimpse of the blatant use of technology, the manager of the world's most loved club, David Moyes was sacked on Twitter. What happened to the old school way of sitting across the table and informing that you are being sacked and giving explanations why you are being sacked?

Today's family time means sitting on dining table and eating together. A lot of times, people them go to their own rooms and watch television channels of their choice in the 22" and 32" LED TVs hanging in their bedrooms! Do we play card games or video games with our children anymore? Even when people go out with friends, invariably you will find at least half the people with mobiles in their hands checking Facebook updates, Whatsapp notifications or tweets. What is the point of going out with your friends and family when you are more concerned with getting the latest updates and photos posted by other people you are not with.


The proposed Google Glass is expected to identify people you can see and provide you with complete information about that person – where he had been to on his last holiday or what kind of food he likes picking things from what he has poste online. Isn't this a violation of your privacy? The Google Glass is also supposed to take pictures with a simple voice command, which can become a serious security and privacy issue later.

The idea of technology was supposed to transform our lives for the better which it has done to a great extent but we need to limit its impact on our lives. We need to draw a line and start spending more time with our families than with our cell phones. Let's not allow technology to rule our lives but let's rule technology and use it to make our world a better and a more fun place to live in.

## આડી ચાવી

૧. અપ્રિય, ના પસંદ (૪)
૪. રિશી કપૂર, જયા પ્રદાનની ફિલ્મ (૪)
૭. એક અંગ્રેજી તોલ (૨)
૮. દેવું, ઋણ (૩)
૧૦. મળતા વહું (૫)
૧૨. એક કઠોળ (૨)
૧૩. આનંદ, લહેર (૨)
૧૪. ગાયનના ઠોકનું માપ (૨)
૧૬. દરિયામાંથી મોતી કાઢનાર (૪)
૧૮. ખબર, બાતમી (૩)
૨૦. કલમનો કાપ (૨)
૨૨. કવિતા કરનાર (૨)
૨૩. રાહ (૨)
૨૪. ખરો - ખોટો હિસાબ જાણવાની યુક્તિ (૨)
૨૫. મિલકતનો હકદાર (૩)
૨૭. ખનીજ પદાર્થ માટે ખોદેલો ખાડો (૨)
૨૮. આ... પકડ ગલા (૨)

## શબ્દાનંદ




૨૯. જીવ વિનાનું સ્થૂળ (૨)
૩૦. અધર (૨)
૩૧. વિખરાયેલું (૩)
૩૩. ચીડ, ગુસ્સો (૨)
૩૪. કપટી, બનાવટી (૨)
૩૫. સરખા અંતરવાળું (૪)

## ઊભી ચાવી

૧. દેશ વિદેશ (૬)
૨. ખપ, સ્વાર્થ (૩)
૩. ગરમ મિજાજવાળું (૫)
૪. એક સરખાપણું (૪)
૫. મોરી, ખાળ (૩)
૬. દિલ, ઈચ્છા (૨)
૯. રક્ત વાહિની (૨)
૧૧. નરમ સ્વભાવનું, ભલું (૩)
૧૩. ઈચ્છા (૩)
૧૫. ભાગ, જુથ (૨)
૧૭. નાનો વહેળો (૩)
૧૯. અણસમજુ, મુર્ખ (૩)
૨૧. સ્વિમિંગ પૂલ (૫)
૨૪. અધિરાઈ, ચટપટી (૪)
૨૫. જમીનની આજુબાજુ કરેલી આડ (૨)
૨૬. કોહવાટ, બગાડો (૨)
૨૯. ચીજ, (૩)
૩૨. ચીવટ, કાળજી

- વાનતા નાગડા મા. 9820810499



**NUMBER GAME**

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**


**2 Digit Nos :** 23, 31, 46, 53, 54, 67, 74, 76, 89, 94, 96.

**3 Digit Nos :** 136, 248, 352, 417, 623, 873.

**4 Digit Nos :** 1239, 1354, 1754, 2415, 2532, 2984, 4387, 6438, 7314, 8139.

**5 Digit Nos :** 12995, 26853, 42896, 62358, 72574, 82456, 89274, 92756, 94378.

**6 Digit Nos :** 157349, 317724, 329147, 514937, 519546, 924368.



**IT WE ARE GROWING,**

**WE ARE ALWAYS GOING**

**TO BE OUT OF OUR COMFORT ZONE.**

***- John C. Maxwell***

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી કચ્છી નવ વર્ષની ઉજવણી ધુલિયા

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ધુલિયા તરફથી કચ્છી નુતન વર્ષની ઉજવણી તા. ૨૯.૬.૨૦૧૪ના રોજ કરવામાં આવેલ. પહેલા નવકાર મંત્રથી શરૂ કરી બધાને અષાઢી બીજની વધામણી આપી. મહાકાલી માતાજીની ભાવના ભણાવાયેલ, સવારના સ્વામીવાત્સલ્યના દાતા શ્રી ડોસાભાઈ ખીમજી મોમાયા હસ્તે મહેન્દ્રભાઈ હતા.

બપોરના મહિલા - મંચના ઉપપ્રમુખ સૌ. શિતલ પરેશ ભાટેના પ્રમુખપણા હેઠળ 'સબ ખેલો સબ જીતો' ગેમનું આયોજન કરવામાં આવેલ. તેમાં જ્ઞાતિજનોએ ખુબજ ઉત્સાહથી ભાગ લીધેલ. ગ્રુપ બનાવી, બઝર રાઉન્ડથી વિવિધ પ્રકારની રમતો દ્વારા ૧ મિનિટ ગેમ રમાડેલ. જેમાં લોટસ ગ્રુપ વિજેતા થયેલ. લોટસ ગ્રુપમાં શ્રીમતી જયાબેન મોમાયા, સૌ. રમિલાબાઈ ગોસર, સૌ. મનિષા ભાટે, સૌ. દર્શનાબેન દંડ તથા સૌ. સીમાબેન મોમાયા હતા. વિજેતાઓને મહિલામંચ તરફથી ઈનામ માતુશ્રી હંસાબેન લક્ષ્મીચંદ ભાટેના હસ્તે આપવામાં આવેલ.

## ભાંડુપમાં કચ્છી નવા વરસની ઉજવણી

ભાડુંપમાં રવિવાર તા. ૨૯ જુલાઈના ભલારા દાદાના ભૂવાશ્રી દિનેશ વિશનજી દંડ પરિવાર તરફથી ઘરે દાદાનો પાઠ મંડાયો હતો. નુતન હોલમાં અનંત મિત્ર મંડળના સથવારે દાદાની ભક્તિનો રંગ જામ્યો.

દાદા દરબારે પધારેલ અચલગચ્છના પ્રમુખ શ્રી શામજી નરશી દંડ, સાંધવ તથા આ વરસના કચ્છ શક્તિ એવોર્ડ પ્રાપ્તકર્તા કચ્છી લીપીના સંશોધક શ્રી રાજુલા શાહ અમદાવાદ વાલાનું પણ શ્રી દિનેશભાઈ દંડ પરિવારે શાલ અને મોતી માળાથી ગૌરવ કર્યું હતું.

## ભાંડુપમાં ચાતુર્માસ પ્રવેશ

ભાંડુપમાં શુક્રવાર તા. ૪.૭.૧૪ ના સવારના છેડા હાઈટસથી અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીના સૌમ્ય સ્વભાવી વર્ધમાન તપ ઓળી આરાધક પ. પૂ. સા. શ્રી અરૂણોદયશ્રીજી મ. સા., પ. પૂ. સા. શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા., પ. પૂ. સા.શ્રી ભાવગુણાશ્રીજી મ.સા., યશોગુણાશ્રીજી. મ.સા. તથા તિર્થકર ગુણાશ્રીજી મ.સા. આદિનું શ્રી ઉત્કૃષ્ટ ભાવે સામૈયું કરવામાં આવ્યું આ વરસે ચાતુર્માસ ક. વી. ઓ અચલગચ્છ જૈન સંઘમાં છે. પૂ. શ્રી એ માંગલિક ફરમાવી ચાતુર્માસ માસનો મહિમા વર્ણવી ધર્મ, દયા ને ધન ભલામણ કરી હતી.

આપણા શ્રી સંઘમાં શનિવાર તા. ૧૨ જુલાઈના વરસતા વરસાદે ઢોલ શરણાઈના નાદે. પ. પૂ. સા. શ્રી જિનવર ગુણાશ્રીજી મ. સા. તથા પૂ. સા. શ્રી રત્નેશગુણાશ્રીજી મ.સા.નો શાનદાર પ્રવેશ થયો. પુજ્યશ્રી સાથે દેવવંદન ચૈત્યવંદન બાદ સૂત્ર ચરિત્રને છાબમાં સાથે ઘરી પ્રદક્ષિણા આપી જ્ઞાનસાર સૂત્ર રૂા. ૭૦૦૧ના આદેશે, શ્રી આણંદ પરિવાર, રૂા. ૭૭૭૭ ના આદેશે સાગરદત ચરિત્ર શ્રી વનીતાબેન માણેકજી લોડાયાએ ભાવોત્સવે વહોરાવ્યા બાદ મતિજ્ઞાન પૂજા રૂા. ૪૦૦૧માં દેવકાબેન હંસરાજ મોતા, શ્રુતીજ્ઞાન પુજા રૂા. ૫૦૦૧માં પુષ્પાબેન દામજી લોડાયા એ કરી. નવકારશી ફાઈવસ્ટાર્સ તરફથી હતી. શ્રી


શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)

શુભેચ્છાઓ સહ...
**સાંધવ રત્ન**
**શ્રી મુલજી રાઘવજી લોડાયા**
MRL Group of Companies

સંઘે ભાગ્યશાળી પરિવારોના સાથે એકાસણાની વ્યવસ્થા ગોઠવી છે.

અનંતનાથજી દાદા દરબારે રવિવાર તા.૬ જુલાઇ પ.પૂ.સા.સંયમગુણાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશે અહીંથી ૫૬ જણ ગયા હતા.

## ભાંડુપમાં ગુરૂપુર્ણિમાની ઉજવણી

નવકાર નિષ્ઠ શ્રી જયંત રાહીનો ગુરૂ પુર્ણિમાએ જ ૭૪ મો જન્મ દિવસ હોતાં શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનશ્રી મુંબઇ અને પંચ પરમેષ્ટી ગ્રુપ દ્વારા શેઠશ્રી નરશી નાથા સભાગૃહમાં પ્રભુ ભાવનાનું આયોજન થયું હતું.

## તેરામાં નવા વરસની ઉજવણી

તેરામાં કચ્છી નવા વરસની ઉજવણી કચ્છ લાલાના ડુંગરશી ખીંયશી મૈશેરી હસ્તે લાલા વાળાએ શ્રી ક.દ.ઓ. જૈન સંઘ તેરાના સાથ સહકારે રામાપીરની પહેડી જોહારતાં ૮૫ સગા સબંધીઓએ ભાગ લીધો. મહાજનશ્રીના હોલમાં શ્રી રાજેન્દ્ર મુરજી મૈશેરી લાલાવાળા તરફથી મહાકાલી મા ની ભાવના ભણાવવામાં આવી.

## ભાડુંપમાં જયંત રાહીના સાનિધ્યે નવકાર મંત્રનો નવમો મણકો સંપન્ન

અ.સૌ. સ્વ શ્રી જયાબેન લક્ષ્મીચંદ નરશી દંડ સાંધવ સહપરિવાર તરફથી શેઠશ્રી નરશી નાથા સભાગૃહમાં નવકાર જાપનો નવમો મણકો ૬૫૦ ભાવિકોની હાજરી એ નવકારશીસહ સંપન્ન થયો. નવકાર મંત્રના અનુષ્ઠાન પઠનની શરઆત આ દંડ પરિવારે જ કરાવી હતી.

## ભાવનગર કચ્છ સમાજ

ભાવનગર કચ્છ સમાજ દ્વારા તા.૨૯.૦૬.૧૪ને રવિવારના અષાઢી બીજની ઉજવણી કરવામાં આવી હતી આગામી પવર્ષની ટર્મ માટે શ્રી મહેન્દ્રભાઇ શાહ કે જેઓ સતત ૨૮વર્ષથી સંસ્થાના પ્રમુખપદે રહીને સમાજની જવાબદારી સંભાળે છે તેમની ઉલ્હાસપૂર્વક વરણી કરવામાં આવી હતી. આ સભામાં આગામી ૫ વર્ષની ટર્મ માટે કારોબારી સમિતિ અને મંદિર સમિતિના સભ્યોની બિન હરીફ વરણી કરવામાં આવી હતી.

## સાંધવમાં ચાતુર્માસ આરાધના

સાંધવ નગરે શાંતિનાથ દાદાની શિતલ છાયામાં ચાતુર્માસ બિરાજમાન પ. પૂ. સાધ્વીશ્રીજી લક્ષગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ. પાર્શ્વગુણાશ્રીજી મ. સા.ની. શુભનિશ્રામાં જપ તપની આરાધનાઓ સુંદર રીતે ચાલી રહી છે. ઉપવાસ આયંબીલ એકાસણાની તપસ્યા સારી સંખ્યામાં આરાધકો કરી રહ્યા છે.

તા. ૨૦.૭.૧૪ના નવકાર મહામંત્ર અનુષ્ઠાન રાખવામાં આવ્યું. પ. પૂ. સાધ્વીશ્રી લક્ષગુણાશ્રી મ.સા.ની ૭૮ મી આયંબિલની ઓળી પુર્ણથતા પારણું તા. ૫.૮.૧૪ના થયું.

## છત્તીસગઢ રાયપુરમાં અષાઢી બીજ

છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ દ્વારા આષાઢી બીજ તા. ૨૨ જુન ૨૦૧૪ ના રોજે ઉજવવામાં આવેલ.

મંચ પર અતિથીરૂપે સૌ. લતાબેન મહેશ શાહ અને માતુશ્રી પુષ્પાબેન નારાણજી મૈશેરી, મહાજન પ્રમુખ શ્રી તરૂણ શીવજી શાહ, શ્રી છ. ગ. કચ્છી જૈન સંઘ પ્રમુખ શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, એકમ પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, મહિલા મંડળ પ્રમુખ સૌ. મંજુલાબાઈ જીવાણી ઉપસ્થિત હતા.

આ વર્ષે વડીલશ્રી સમ્માન (૭૦વર્ષ અને ઉપરની વયના) સાથે બે સર્વ શ્રેષ્ઠ યુવા કાર્યકર્તાનું પણ સન્માન કરવામાં આવેલ. વિભિન્ન પ્રતિયોગિતાઓ અને યુવા સાથીઓ દ્વારા ગ્રુપડાંસ, સ્વાગતનૃત્ય, ફેશન શો અને કચ્છીનાટક રાખવામાં આવેલ. એમાં વિજેતાઓને પ્રથમ અને દ્વિતીય પુરસ્કાર આપવામાં આવેલ.

વડીલશ્રી સન્માન : ૧) માતુશ્રી વિજયાબાઇ જેઠાભાઈ લાલકા (રાયપુર) અને ૨) શ્રી બંકિમચંદ પ્રેમજી હંસરાજ શિયાડ(ધમતરી) નું સમ્માન શૉલ માળા અને શ્રીફળ અપીને કરેલ.

આ વર્ષના બે સર્વશ્રેષ્ઠ યુવા કાર્યકર્તા ૧) અ.સૌ.મિત્તલ ભાવિકભાઇ નાગડા અને ૨) અ.સૌ. સુનયના અમિતભાઈ મૈશેરીને ઘોષિત કરી સમ્માન કરેલ.

વિજેતા ઓને પુરસ્કાર :

ફાયરલેસ કુકિંગ (૯ વર્ષથી ૧૬ વર્ષ સુધી):

પ્રથમ પુરસ્કાર - કુ. પ્રિયલ ભરતભાઈ મૈશેરી અને કુ. હર્ષિતા ચંદ્રેશ છેડા ને અને દ્વિતીય પુરસ્કાર - કુ. પલક ચેતન છેડાને આપેલ.

બેસ્ટ ડ્રેસઅપ (૦થી ૩વર્ષ સુધી) : પ્રથમ પુરસ્કાર - કુ.જૈનમ સંજય જીવાણી દ્વિતીય પુરસ્કાર - ધ્વજા જિજ્ઞેશ શિયાડ

અંગ્રેજી કવિતા (૪થી ૮ વર્ષ સુધી) : પ્રથમ - સૃષ્ટિ ચેતન શિયાડ અને દ્વિતીય હિયા નયન છેડા

કપલ ગેમ : પ્રથમ - સુમિત અને રશ્મિ મોમાયા, દ્વિતીય અમિત અને ભવ્યા જીવાણી

વ્યંજન પ્રતિયોગિતા (ઓપન) ૧ નમકીન અને ૧ મિષ્ઠાન : પ્રથમ ભક્તિ ધવલ દંડ, ભિલાઈ દ્વિતીય સુનયના અમિત મૈશેરી

સૌએ કચ્છી જમણ અને ડી જે દાંડીયા રાસની મજા માણી. પ્રતિયોગિતાના નિર્ણાયક રૂપે અ.સૌ.ઉષાબેન દિનેશ મોમાયા અને ભક્તિબેન દંડે સેવા આપેલ.

## ક.દ.ઓ.એકતા મહિલા મંડળ ગાંધીધામ દ્વારા ફીટનેસ કેમ્પ

ક.દ.ઓ.એકતા મહિલા મંડળ ગાંધીધામ દ્વારા 'ફીટનેસ કેમ્પ'નું આયોજન તા.૧૧.૦૭.૧૪ શુક્રવારના રોજ કરવામાં આવ્યું હતું

તેમાં ડૉ.અલ્પાબેન મહેતા (ગાયનેકોલોજીસ્ટ અને યોગા ટયુટર) એ યોગા અને મેડીટેશન વિશે જાણકારી આપી બેઝીક યોગા અને સૂર્ય નમસ્કાર શીખવાડયા હતા.

ન્યુટ્રીશનીસ્ટ રૂપાલીબેનની ટીમ દ્વારા બહેનોનું વજન શરીરની ચરબી અને મસલ્સનું માપ કાઢવામાં આવ્યું હતું. તેમજ બધાને હેલ્થ ટીપ્સ આપી હતી.

બધી મંડળની બહેનોની મહેનતથી આ પ્રોગ્રામ સફળ બન્યો હતો.

## આધોઈમાં ચારગતિ નિવારક અનુષ્ઠાન

શ્રી તપાગચ્છ સંપ્રદાયના પ. પૂ. આચાર્યભગવંત શ્રી કલાપુર્ણસૂરિશ્વરજી મ.સા.ના. શિષ્ય પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયમુક્તિચંદ્ર તથા પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયમુનિચંદ્ર અને પન્યાસ આનંદવર્ધન મ.સા. તથા મુનિ આત્મદર્શન મ.સા. આદી ઠાણા તેમજ સાધ્વી ભગવંતોની નિશ્રામાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથનું ચારગતિ નિવારક ભક્તિ અનુષ્ઠાન આધોઈ મધ્યે યોજવામાં આવેલ. અનુષ્ઠાનની વિધિ શ્રી કિશોરભાઈ સાંયાએ ભાવપુર્વક કરાવેલ.

## શ્રી પારોલા તીર્થ ચાતુર્માસ આરાધના

ખાનદેશ મંડળ શ્રી પારોલા તીર્થ નગરે અચલગચ્છધિપતિ પ. પૂ. આ. ભ. ગુણોદયસાગરસુરિશ્વરજી મ.સા.ની કૃપાથી પરમ પુજ્ય સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્ય પ. પૂ. સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ ચાતુમાસાર્થે - બિરાજમાન છે. પુજ્યશ્રીઓની તપસ્યા તેમજ ભાઈ - બહેનોની તપસ્યા શાતાપુર્વક ચાલી રહી છે. અત્રે તા. ૧૯.૭.૧૪ આષાઢ વદ ૮ થી સિધ્ધિ તપની

## નલીનપુર નારી નિગમ

નલીનપુર નારી નિગમ દ્વારા તા.૧૫.૦૭.૧૪ના કાયા ડાયમંડ શોરૂમ અંધેરી એમ. આય. ડી.સી ની વિઝીટ ગોઠવવામાં આવી હતી. તા. ૧૯.૯ થી તા. ચૈત્ય પરિપાર્ટીનું આયોજન ગદગ, હુબલી, કુમઠા ખાતે કરવામાં આવ્યું છે.

બહેનો દ્વારા કરવામાં આવતા ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા અને લોકો સમક્ષ લાવવા આ વર્ષે પણ વાણિજ્ય મેળાનું આયોજન તા.૨૭.૦૯.૧૪, સારસ્વત વાડી, મુલુંડ (વેસ્ટ) માં કરવામાં આવશે. જેમાં સ્ટોલની બુકિંગ માટે સંપર્ક. વીણા નાગડા - ૯૯૬૭૬૬૬૩૮૦, નીલમ નાગડા - ૯૯૩૩૮૪૮૪૦૩, માલિની નાગડા - ૯૭૭૩૬૦૦૮૬૦, પૂર્વી છેડા - ૯૯૨૦૩૨૮૬૦૨, હીના લોડાયા - ૯૮૨૦૩૧૮૩૪૫

તપસ્યા પ્રારંભ થયેલ છે. તપસ્યામાં ૩ શ્રાવક અને ૬ શ્રાવિકાઓ જોડાયા છે.

શ્રી સંઘ તરફથી ૭ સપ્ટેંબર રવિવારના પુજામંડલોની પ્રતિયોગીતા તેમજ ઓગસ્ટ માસમાં શ્રી નેમિનાથ પ્રભુજીના જન્મકલ્યાણક, અને શ્રી શાંતિનાથ દાદાના ચ્યવન કલ્યાણક ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે.

## શ્રી ક.દ.ઓ જૈન સર્વોદય મંડળ-મુલુંડ

શ્રી ક.દ.ઓ જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા અયોજીત અચલગચ્છ અધિષ્ઠાયિકા ભગવતી શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના તા.૦૭.૦૯.૧૪ રવિવારના રાતે ૮.૩૦કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી જવેરચંદ વિરચંદ નાગડા જખૌવાળાએ લીધેલ છે.

ત્યારબાદની ભાવના તા.૦૪.૧૦.૧૪ના છે જેનો લાભ માતુશ્રી દમયંતીબેન હંસરાજ દેવશી દંડ પરિવાર સાંધવ વાળાએ લીધેલ છે.

## શ્રી મહિલા હિતવર્ધક મંડળ હુબલી

શ્રી મહિલા હિતવર્ધક મંડળ હુબલીની નવી કમિટીની રચના ગયા ફેબ્રુઆરી માસમાં થઇ.

મહિલાદિનો (૮મી માર્ચ) વિશિષ્ટ મહિલાદિનની તથા ફાગણી તેરસની પણ સુંદર રીતે ઉજવણી કરવામાં આવેલ.

એપ્રિલ ૧૯ને શનિવારના ઈંદીરા ગ્લાસ હાઉસમાં મંડળના જોઈન્ટ સેક્રેટરી શ્રીમતી ચેતના નરેન્દ્ર મોમાયાના પૌત્ર વીરના પ્રથમ જન્મદિન નિમિત્તે પિકનીક મીટીંગ ગોઠવાયેલ.

શ્રીમતી નિકિતા બીજોય (Bijoy) મોમાયાએ ટ્રેઝર હંટની મનોરંજક રમત રમાડેલ, રાઉન્ડમાં શ્રીમતી જેસલ અમીત દંડ (તેરા) વિજયી નીવડેલ. લગભગ ૭૫-૮૦ મહિલા સદસ્યોએ પિકનીક પાર્ટીનો આનંદ માણ્યો. આ જન્મદિન પ્રસંગે સૌ.ચેતના નરેન્દ્ર મોમાયા તરફથી રૂ.૫૦૧/- ભેટ આપવામાં આવ્યા.

મહિલા મંડળની કમિટીમાં ખજાનચી (Treasures) તરીકે શ્રીમતી દક્ષા પંકજ લોડાયા (સાંયરા) ને બદલે હવે ડૉ. સૌ. મધુબાલા (Madhubala) મણિકાંત લોડાયા (સાંયરા) ની નિમણુક થઇ. બાકી કમિટિ યથાવત રહેશે.

## ભારતનગર ગાંધીધામમાં મહાકાળી ભાવના

શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ ભારતનગર ગાંધીધામ- કચ્છ દ્વારા તા.૨૮.૦૬.૧૪ના રોજ રાત્રે શ્રી જીરાવલ્લા ઉપાશ્રય ભારતનગર મધ્યે શ્રી મહાકાળી માતાજીની ભાવના ભાગ્યશાળી - અ.સૌ.હિરલબેન રાહુલભાઇ ના શ્રીમંત પ્રસંગે શા.વિરચંદભાઇ પદમશી લોડાયા ગામ-સાંયરા-ના (કોડાનગર) તરફથી રાખવામાં આવેલ.

જ્ઞાતજિનોએ સારી સંખ્યા લાભ લીધેલ. ભાવનામાં જયંતભાઇ લાલકા, લીતેશભાઇ લોડાયા, શામજીભાઇ છેડા તથા નિલમબેન દંડ, ભક્તિબેન મોમાયા, મીનાબેન મોતા, સંધ્યાબેન, નિર્મલાબેન લોડાયા, પદમીનીબેન આદિએ સારી રમઝટ જમાવેલ. અલ્પાબેન મોતાચામરથી નૃત્ય કરેલ.

## કલકત્તાના મનાવ પ્રેમ ગ્રુપની અન્નદાન ઝુંબેશે ૧૦૦૦દિન પૂર્ણ કર્યા

માનવ પ્રેમની અન્નદાન ઝુંબેશને ૧૦૦૦ દિવસ પૂર્ણ થયાની ખુશાલીમાં મંગળવાર તા.૨૯.૦૭.૧૪ના સવારના નું આયોજન મીન્ટોપાર્કની લૉનમાં કરેલ. લગભગ ૨૨૫ જણાએ અલ્પહારને ન્યાય આપ્યો હતો. ગુજરાતી તેમજ મારવાડી સમાજના ઘણા ઘણા તેમજ અગ્રણીઓએ હાજર રહીને શુભેચ્છા આપી હતી. અભિયાનમાં કોઇ મહાનુભવાને લાભ લેવો હોય તો મિષ્ઠાન સાથેનો નાસ્તાનોનકરોરૂ.૨,૭૦૦/- છે, જે નીચેના વ્યક્તિઓ પાસે નામ લખાવી શકાય છે. શ્રી પ્રેમચંદભાઇ મોતા (૯૮૩૦૦૨૯૫૫૧), શ્રી અરૂણભાઇ દોશી (૯૩૩૧૮૦૬૭૧૨) અને શ્રી ભૂપતભાઇ વસા (૯૮૩૧૦૧૪૧૪૦)

## શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ

શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ તેમજ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા.૨૭.૦૭.૧૪ ના શ્રી ગુજરાતી સમાજ ભવન ખાતે રાખવામાં આવેલ.

ટ્રસ્ટની સભામાં પ્રમુખ સ્થાનેથી ટ્રસ્ટના

મેનેજીગ ટ્રસ્ટી શ્રી નિતીન કાનજી લોડાયાએ સર્વે સભ્યોનું સ્વાગત કરેલ. ગત વર્ષની મિનીટ્સ શ્રી લીતીન નવિનચંદ્ર લોડાયાએ સંભળાવેલ જે સર્વાનુમતે પસાર કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૩-૧૪ના હિસાબો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ. હાલ નવ નિર્માણ થઇ રહેલ નુતન જિનાલયનો સંપૂર્ણ અહેવાલ શ્રી પ્રદિપ રતીલાલ લોડાયાએ પ્રસ્તુત કરેલ.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનની સભાના પ્રમુખ સ્થાનેથી મહાજન પ્રમુખ શ્રી પ્રદિપ રતીલાલ લોડાયાએ સર્વનું સ્વાગત કરેલ. મહાજનની વિવિધ પ્રવૃતીઓનો અહેવાલ સેક્રેટરી શ્રી લીતીન નવિનચંદ્ર લોડાયાએ વાંચી સંભળાવેલ. મહાજનના ગત વર્ષના હિસાબો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ.

શ્રી મહાજન દ્વારા સંચાલીત બુકબેંકનો અહેવાલ શ્રી જીતેન ચીમનલાલ દંડ દ્વારા તેમજ લેડીસ વિંગનો અહેવાલ શ્રીમતી રચના જયેશ લોડાયા દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. સભાનું સંચાલન શ્રીમતી કિન્નરી લોડાયાએ કરેલ. આભાર વિધિ શ્રી કુમારપાલ કિશોર ડાઘા એ કરેલ.

## ક.દ.ઓ. જૈન સ્વાતંત્રવીરોની ગૌરવગાથા



ભારતની આઝાદીની લડતમાં આપણાં ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું યોગદાન અત્યંત ઉલ્લેખનીય રહેલું. ફકત પડદા પાછળ જ નહીં પણ અગ્રણી બની અંગ્રેજો સામે લડનારાની સંખ્યા પણ મોટી રહી અને તેમના રાષ્ટ્રપ્રેમની યોગ્ય નોંધ લેવાઇ.

દેશની આઝાદીની ચળવળમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિની ગૌરવમય ગાથાને વાચા આપતું એક સુંદર પણ કાચું પ્રકાશનકાર્ય લેખક શ્રી સ્વ. કુલીનકાંત ભોજરાજ લોડાયાએ તૈયાર કરેલું.

તેમની વસમી વિદાય બાદ સામાજિક કાર્યકર શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયાએ સંપુર્ણ સંકલન કાર્ય ખૂબ સારી રીતે કરી, હવે તેના પ્રકાશનની દિશામાં આગળ વધી રહ્યા છે. તેમાં કોઇ કચાશ કે અધુરાશ ન રહી જાય તેથી નીચેના સ્વાતંત્રવીરોના સંબંધીઓને માહિતી સાથે અમારો સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.

આ ઐતિહાસિક પુસ્તકમાં આમેજ કરવા હવે છેલ્લી તકરૂપે ઓગસ્ટ ૨૦૧૪ સુધીમાં માહિતી મોકલી આપવા નમ્ર અરજ છે.

જ્ઞાતિના ગર્વ સમા આ પુસ્તકનું વિમોચન પ્રેરણાદીપક એવા શ્રી સમસ્ત ક.દ.ઓ. મહાજનના નેજા હેઠળ રાયપુર ખાતેના જ્ઞાતિ સમેલનમાં થશે.

### ક.દ.ઓ. જૈન જ્ઞાતિના સ્વાતંત્ર્યવીરોઃ

૧. આણંદજી મેઘજી ૨. દેવજી દામજી કુરૂવા ૩. ગોંવિદજી નાંગશી પોલડીયા ૪. જેઠાભાઇ નરશી કેશવજી ૫. જેઠાભાઇ દામજી ૬. જેઠાભાઇ આંણદજી ૭. જીવરાજ હરશી મોતા ૮. જીવરાજ મણશી ગોસર ૯. જયવંતીબેન ગુલાબચંદ (ધુલિયા) ૧૦. જેતબાઇ વર્ધમાન ૧૧. કુંવરજી કુરપારઇં ૧૨. કલ્યાણજી ભાણજી છેડા ૧૩. ખૈતબાઇ વિશનજી પટેલ ૧૪. કુરપાર શામજી ૧૫. લખમશી નેણશી સવાણી ૧૬. લક્ષ્મીચંદ વીરજી લાપસીયા ૧૭. લાલજી કાનજી (નીમચ) ૧૮. લાલજી રામજી લાલકા (લાલા) ૧૯. લક્ષ્મીચંદ ત્રિકમજી સોની ૨૦. લક્ષ્મીબેન વેરશી માડણ મૈશેરી ૨૧. માણેકજી જેઠાભાઇ ૨૨. મેઘજી ખૈતશી ખીંયશી ૨૩. મેઘજી વેલજી મોતા ૨૪. મેઘજી ગોંવિદજી (વકીલ) ૨૫. મણીબેન વર્ધમાન ૨૬. માનબાઇ પદમશી વીકમશી ૨૭. મીઠીબેન જીવરાજ મોતા ૨૮. નાંગશી નેણશી તારવાલા ૨૯. નરશી કલ્યાણજી બાગલકોટ ૩૦. પાશ્ર્વીર નરશી લુઠિયા આપના સાથ અને સહકારની અપેક્ષા સેવીએ છીએ.

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વિનોદભાઇ માણેકજી મૈશેરી** | જૈન દેરાસર પાસે જસાપર નલીયા અબડાસા કચ્છ |
| **યોગેશ જેઠાલાલ મોતા** | ઉન્નતિ વુડસ, ફેસ -૪, ડી-૧ વિંગ, ફલેટ નં-૧૦૩, ન્યુ હોરીઝોન સ્કુલ ની પાછળ, આનંદનગર, મુચલા કૉલેજની નજીક, થાણે (પ) ૪૦૦૬૦૭ |
| **અજય જેઠાલાલ ધરમશી** | ઈ-૮, તરૂણા સી.એચ.એસ, દેવીદયાલ રોડ, ફાયર બ્રિગેડની સામે, મુલુંડ (પ) મું - ૪૦૦ ૦૮૦ |
| **નિશિતા આનંદ દંડ** | અટલાટિસ ૨, બરોડા ઈન્સટીટયુટની નજીક, જુના પાડા રોડ, વડોદરા - ૩૯૦૦૧૫ |
| **માણેકજી વસંનજી છેડા** | ૩૦૫, ૩જે માળે, હોરીઝોન ફલોરા, કસ્તુરબા ક્રોસ રોડ, મુલુંડ (પ) મુંબઇ - ૪૦૦ ૦૮૦ |
| **મણીબેન ચંદ્રકાંત શાહ** | ઈ-૯, નવસુર્યા પ્રભા, મુરાર રોડ, મુલુંડ (પ) મુંબઇ - ૪૦૦ ૦૮૦ |

## નવા/બદલાયેલા ફોન નંબર

**મણીબેન ચંદ્રકાંત શાહ** **09833160561**

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૫.૧૪ | કાજુરમાર્ગ | મહિશ-નેહા/જિજ્ઞેશ દિલિપ નાગડા | નલીયા | પુત્ર |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૭.૧૪ | થાણા | તુષાર નીર્મલ દેસાઈ | રાજકોટ | ૩૦ |
| | મુલુંડ | ભક્તિ ગીરીશ ખીમજી લોડાયા | મોટી ખાવડી | ૨૮ |
| ૦૬.૦૭.૧૪ | બોરીવલી | ડોલર આઝાદ કલ્યાણજી છેડા | વારાપધર | ૩૦ |
| | કાંદિવલી | જાનવી રાજેશ દૌલતરાય જંગલા | તળાજા | ૨૫ |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૭.૧૪ | મુલુંડ | પ્રિતેશ ગીરીશ ખીમજી લોડાયા | મોટી ખાવડી | ૩૧ |
| | ભોપાલ | શીખા પ્રકાશ જૈન | ભોપાલ | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૭.૧૪ | મહેસાણા | આણંદજી લધાભાઇ મોમાયા | સાંયરા | ૭૭ |
| ૨૭.૦૭.૧૪ | અંધેરી | લક્ષ્મીબેન ઉત્તમચંદ વિસનજી નાગડા | પરજાઉ | ૭૯ |
| ૦૨.૦૮.૧૪ | ધુલિયા | રતનબાઇ વીરચંદ રામજી ધરમશી | સુથર | ૬૪ |
| ૦૩.૦૮૧૪ | સેંધવા | ગોંવિદજી પુનશી ઘેલાભાઇ નાગડા | જખૌ | ૭૪ |
| ૦૨.૦૮.૧૪ | મુલુંડ | હીરબાઇ મુલજી ઠાકરશી લોડાયા | સાંયરા | ૯૧ |
| ૦૬.૦૮.૧૪ | ભાડુંપ | વાલબાઇ મુરજી પુનશી લોડાયા | સુજાપર | ૮૮ |
| ૦૭.૦૮.૧૪ | ડોંબિવલી | ભારતી જયંતિલાલ ધરમશી | સુથરી | ૬૬ |

## તેજબાવની : પુસ્તકો નિમિત્તે કવિ 'તેજ'ના સમગ્ર સાહિત્યિક વ્યક્તિત્વના સાગરને ગાગરમાંસમાવવાનો શ્રી સોમ ધરમશીનો સફળ પ્રયાસ







<u>તેજબાવની</u> (કવિ તેજના મુક્તકોનો આસ્વાદ આસ્વા)દકઃ સોમ ધરમશી, કિંમત રૂા. ૧૦૦, પ્રાપ્તિ સ્થાન અક્ષર ભારતી - ભુજ સોમ ધરમશી ગુણપુરી નગર પો. તલવાણા માંડવી - કચ્છ, ગુજરાત ૩૭૦૪૬૦, મો. ૦૯૭૨૬૭૭૬૬૭૭.

સાહિત્યના અભ્યાસુ શ્રી સોમ ધરમશીએ પ્રકાશ સમીક્ષાના વાંચકોને બાવન હપ્તા સુધી 'મરમ જા મોતી' શિર્ષક હેઠળ કચ્છી કવિતાના બાદશાહ કવિ શ્રી 'તેજ'ના મુક્તકોનો આસ્વાદ કરાવેલો, તે હવે પુસ્તક રૂપે પ્રગટ થયો છે.

આસ્વાદક શ્રી સોમ ધરમશીએ પોતાના નમ્ર નિવેદનમાં જણાવ્યું છે તે પ્રમાણે બાબાણી બોલીમાં અવતરેલી 'તેજ'ની રચનાઓનો મર્મ ઘણા કચ્છી ભાષી પણ સમજી શકતા નથી તો ગુજરાતી વાચક તો ક્યાંથી માણે ?

કવિ તેજનું ઉત્તમ સાહિત્ય સર્જન વિશાળ જન સમુદાય સુધી પહોંચે તે માટે આસ્વાદકે સાથેક નમ્ર પ્રયાસ કરેલ છે.

પ્રકાશ સમીક્ષાના વાચકો આ આસ્વાદ માણી ચુક્યા છે. એટલે વધુ ન કહેતા એટલો જ આગ્રહ કરવાનો કે 'તેજ'ના તથા કચ્છી સાહિત્યના ચાહકોએ અવશ્યપણે વસાવવા લાયક પુસ્તિકા, ઉપાધ્યાય શ્રી ભુવનચંદજી મ.સા.ના. શુભાશિષ તથા મદન કુમાર અંજારીયા ખ્વાબની પ્રસ્તાવના પુસ્તકને વધુ રસપ્રદ અને સમૃધ્ધ બનાવે છે.

## કે.ડી.ઓ. કલાસિકની મોન્સુન પિકનીક









કે..ડી.ઓ. ક્લાસિક દ્વારા પ્રોત્સાહીત હીરાચંદ દંડના માર્ગદર્શનમાં રવિવાર તા. ૩.૮.૧૪ ના ભીવડી ખાતેના સરગમ રીસોર્ટ ખાતે સભ્યોની મોન્સુન પિકનીકનું આયોજન થયું હતું. પિકનીકમાં સહભાગી થનારા ૮૦ સભ્યોએ ભારે વરસાદમાં પાણીની રમતો, રેઈન ડાન્સ વગેરેની મજા માણી હતી. શ્રીમતી ચંદ્રિકા લોડાયા, શ્રીમતી મીનલ ખોના, શ્રીમતી સરસ્વતિ લાપસીયા અને શ્રીમતી કલ્પના ધરમશીએ રમતોનું સંચાલન કર્યું હતું.





**પાસ થયા હાર્દિક અભિનંદન**

અમારી સુપુત્રી
જીનલ અરવિંદકુમાર મુનવર (ઘાટકોપર)
B.M.S. ફાઈનલ માં 69.82% થી
પાસ થયેલ છે.
તેને ઉજ્જવળ કારકિર્દિ અને
ભર્યા ભવિષ્યની શુભકામના...

શુભેચ્છક : માતુશ્રી ગંગાબાઈ લાલજી પત્રામલ
મુનવર પરિવાર ગામ : જખૌ

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ı day of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## ૧૫મી પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલિ



જન્મ
તા : ૧૦માર્ચ ૧૯૩૮

મૃત્યુ તિથિ :
૨૦ ઑગસ્ટ ૧૯૯૯

## કુંવરજી જીવરાજ લોડાયા

જલગાંવ (કોઠારા)

વિત્યો દોઢ દાયકો ચિરવિદાયને, તોય યાદો તમારી તાજી,
આપની પ્રેરક હાજરી કલ્પવા મન હજીય રાજી,
કાળ કયારેય નહીં વિસરાવી શકે આપની પ્રેરક સ્મૃતિને
આપના ઉમદા આદર્શોને સત્કર્મથી રહેશું નવાજી

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | ભારતી કુંવરજી લોડાયા |
| પુત્ર-પુત્રવધુ | : | શિલ્પા ભાવેશ કુંવરજી લોડાયા |
| પુત્ર | : | યોગેશ કુંવરજી લોડાયા |
| પુત્ર-પુત્રવધુ | : | ચારૂલત્તા નીલકેશ કુંવરજી લોડાયા |
| પૌત્ર | : | સ્મિત, આકાશ |
| પુત્રી-જમાઈ | : | ધારીણી ધીરેન લાપસીયા |
| દોહીત્ર | : | અર્પણ |

સ્વપરિવાર : માતુશ્રી કસ્તુરબાઈ જીવરાજ લોડાયા પરિવાર
સાસરિયા પરિવાર : માતુશ્રી લીલાવંતી ઝવેરચંદ મોમાયા પરિવાર

To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**